Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૨
વિ. સં. ૨૦૩૨ માગશર પોષ

## વેર શાન્તિ

કાંટો ભલે કાંટાથી નીકળે, હીરો ભલે હીરાથી કપાય પણ વેર તો પ્રેમ વડે જ શાન્ત થાય. જીવન એટલે પ્રેમ અને પ્રેમ એટલે ત્યાગ.

"પરબનું પાણી"

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

પુસ્તક : ૭૩] ડીસેમ્બર-જાન્યુઆરી ૧૯૭૫-૭૬ [અંક : ૨-૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|---|
| ૧. | મહાવીર વાણી | .... | — | ૧૯ |
| ૨. | દાંપત્ય જીવનનો અંતિમ દિવસ | .... | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૦ |
| ૩. | સ્વ. શાસ્ત્રીજીના ત્યાગ અને સંઘર્ષમય જીવનની એક ઝલક | .... | શ્રીમતી લાલબહાદુર શાસ્ત્રી | ૨૪ |
| ૪. | નહિ પુરુષ બળવાન | .... | શ્રી સારંગ બારોટ | ૨૭ |
| ૫. | મેરુદંડ જેવી વિદ્યાકિય શિસ્ત | .... | શ્રી ઉમાશંકર જોષી | ૨૯ |
| ૬. | દૃષ્ટિ બદલો | .... | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૩૧ |
| ૭. | સં. ૨૦૩૦ નો હિસાબ તથા સરવૈયુ | ... | — | ૩૬ |
| ૮. | સ્વર્ગવાસ નોંધ | .... | — | ૪૦ |
| ૯. | સમાચાર સાર | .... | — | ૪૧ |


## આ સભાના નવા માનવંતા પેટ્રનો

## શ્રી પ્રવીણભાઈ ફુલચંદ—મુંબઈ

## શ્રી મોતીલાલભાઇ વીરચંદ—માલેગાવ

## શ્રી ગીરધરલાલ જીવણભાઈ—મુંબઈ

## ભૂલ-સુધાર

અમારા કાર્તિક માસના અંકમાં શ્રી જૈન શ્વે. એજ્યુ. બોર્ડની પરીક્ષા અંગેની જાહેરાતમાં (ટાઈટલ ત્રીજા પેજ ઉપર) એક માનદ્ મંત્રીશ્રીનું નામ છપાવું રહી ગયેલ તે સુધારી નીચે મુજબ વાંચવા વિનંતી.

લિ૦ ભવદીય : માનદ્ મંત્રીઓ
શાન્તિલાલ મગનલાલ શાહ
મનસુખલાલ તારાચંદ મહેતા

# સ્વર્ગવાસ નોંધ

અમરેલી નિવાસી (હાલ મુંબઈ) મહેતા બાવચંદભાઈ મંગળજી તા. ૩૦-૧૧-૭૫ના રોજ કટક મુકામે સ્વર્ગવાસ થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણા દીલગીર થયા છીએ તેઓશ્રી મળતાવડા સ્વભાવના અને ખૂબ ધાર્મિક લાગણીવાળા હતા તેઓશ્રી આ સભાના પેટ્રન હતા પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. પ્રભુદાસ મોહનલાલ ગાંધી

### જીવનની ટૂંકી રૂપરેખા



ધર્મ અને કર્તવ્યનિષ્ઠ શ્રી. પ્રભુદાસ મોહનલાલ ગાંધીનો જન્મ તેના મૂળ વતન ભદ્રાવળ ગામે સ્વ. ગાંધી મોહનલાલ ગાંડાભાઇને ત્યાં સં. ૧૯૭૯ના અષાઢ વદ ૭, તા. ૪-૮-૧૯૨૩ના દિવસે થયો હતો. તેમની માતાનું નામ સાંકળીબેન હતું આખુંયે કુટુંબ ધર્મના રંગથી રંગાયેલું હોઇ બાલ્યવયે જ ધર્મના સંસ્કારો અને દેવ, ગુરુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા શ્રી. પ્રભુદાસભાઇને પ્રાપ્ત થયા. અંતઃકરણનું સાચાપણું એ સારી રીતભાતનો ઊંચામાં ઊંચો ગુણ છે અને આ ગુણ તો શ્રી. પ્રભુદાસભાઇને ગલથૂથીમાં જ પ્રાપ્ત થયો છે. શ્રી પ્રભુદાસભાઇને એક નાનાભાઈ અને બેન છે, જેમના નામ ગિરધરલાલ અને કંચનબેન છે.

શ્રી. પ્રભુદાસભાઈએ પ્રાથમિક અભ્યાસ ભદ્રાવલની સ્કુલમાં કર્યો. બાલ્યવયથી જ શ્રી. પ્રભુદાસભાઈમાં એક મોટો ગુણ હતો 'કાંતો હું રસ્તો શોધી કાઢીશ અગર રસ્તો કરીશ.' આવી શ્રદ્ધાવાળો બાળક જો પરદેશ જાય તો કુટુંબનું નામ જરૂર ઉજ્જવળ કરશે એવી માતા પિતાને ખાતરી હોવાથી પુત્રને માત્ર ૧૩ વર્ષની વયે જ મુંબઇ ભાગ્ય અજમાવવા મોકલ્યો. શ્રી. પ્રભુદાસભાઇ દીર્ઘ દૃષ્ટા છે અભ્યાસ કરતાં ગણતર અનેકગણું છે, એટલે શરૂઆતમાં તો મુલતાની ડેરીમાં નોકરી કરી. પુરુષાર્થથી જ માણસ પોતાનું ભાગ્ય રચતો હોય છે, એ વાત તેમના જીવનમાંથી જોવાની મળે છે. જે દુકાનમાં મામુલી પગાર સાથે તેમણે નોકરી શરૂ કરી એજ દુકાનમાં પોતાના સતત પુરુષાર્થ અને ચતુરાઈથી આજે તેઓ માલિક બન્યાં છે. સં. ૧૯૯૨માં તેએ મુંબઇ આવ્યા અને માત્ર ચાર જ વર્ષ પછી એટલે કે સં. ૧૯૯૬માં તેઓએ મુલતાની ડેરી ખરીદી લીધી. પોતાના ધંધાને મોટા પાયા પર ખીલવ્યો અને મલાડ તેમજ શાન્તાક્રુઝમાં પણ તેઓ દૂધની ડેરી ધરાવે છે.

શ્રી. પ્રભુદાસભાઈના પ્રથમ લગ્ન સ્વ. શ્રી લીલાવતીબેન સાથે સં. ૧૯૯૬માં થયા હતા. તે બેન એક નાના બાળકને મૂકી માત્ર બે વર્ષ પછી જ અવસાન પામ્યાં. આ બાળક તે આજના તેઓના મોટા પુત્ર શ્રી. કપુરચંદભાઇ. પિતાની સાથે જ કામ કરે છે. તેમના બીજા લગ્ન જેસરવાળા વારૈયા મેરાજ જીવાભાઇની સુપુત્રી ચંપાલક્ષ્મી સાથે થયા હતા. તે બેનને ચાર પુત્રો શ્રી. પ્રતાપરાય, હસમુખભાઈ, અરવિંદભાઈ અને મનોજભાઇ. મોટા બંને પુત્રોના લગ્ન થઈ ગયા છે. ચાર પુત્રો ઉપરાંત ત્રણ પુત્રીઓ અનુક્રમે કાંતાબેન, સુભદ્રાબેન અને જયશ્રીબેન. મોટી બંને પુત્રીઓનાં લગ્ન થઇ ગયા છે, શ્રી જયશ્રીબેન અભ્યાસ કરે છે. શ્રી. ચંપાબેન સાત સંતાનો મૂકી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પચીસ વર્ષોનો ગૃહસ્થાશ્રમ ભોગવી સં. ૧૯૨૨ માં સ્વર્ગવાસ પામ્યાં. શ્રી. પ્રભુદાસભાઇ પર આ બધા સંતાનોની જવાબદારી આવી પડી, જે ઉત્તમ રીતે તેમણે અદા કરી. હવે તો સંતાનો મોટા થઈ ગયા છે.

પત્નીના મૃત્યુ પછી સંસાર પ્રત્યેના ખેંચાણ અને આકર્ષણમાં સ્વાભાવિક રીતે જ ઓટ આવી જાય છે. તેથી જ શ્રી. પ્રભુદાસભાઈએ પણ ધંધાદારી બોજો ઓછો કરી ધર્મપંથે પોતાનું ચિત્ત દોર્યું. સ્વર્ગસ્થ પત્નીનું ચિરસ્મરણ જળવાય રહે તેમજ લોકોને ધર્મકરણીનો લાભ મળ્યાં કરે એવી દીર્ઘદૃષ્ટિ પૂર્વક પોતાના વતન ભદ્રાવલમાં સ્વ. ચંપાલક્ષ્મી જૈન ઉપાશ્રય કરાવ્યો. આપણા પૂર્વના તીર્થો તેમજ અન્ય અનેક તીર્થોની યાત્રા શ્રી. પ્રભુદાસભાઇએ કુટુંબસહ શ્રી. કાંતિલાલ પટણીની સ્પેશ્યલ ટ્રેઇનમાં કરી છે. સિદ્ધક્ષેત્ર તીર્થનો તેમના ઘર આંગણે જ હોય ત્યાં અવારનવાર જાત્રા અર્થે જાય છે.

જિનાગમ અને જિનબિંબને આ પંચમ કાળમાં સંસારરૂપી ભવસાગર તરવાના મુખ્ય સાધનો માનવામાં આવ્યા છે. આવા સત્કાર્યો પણ શ્રી પ્રભુદાસભાઈના હાથે થવા પામ્યાં છે. તલાજાના ડુંગર પર સાચા સુમતિનાથ ભગવાનના મંદિર પાસે ૧૧ દેરીઓ તૈયાર થાય છે, તેમાં એક દેરી માટેનો આદેશ તેમણે લીધો છે. ભગવાન મલ્લિનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા થઇ તેમાં ભગવાન પદ્મપ્રભુની પ્રતિમાની સ્થાપના પણ તેમણે કરી છે. ભદ્રાવળના જૈન દેરાસરમાં ભ. શાંતિનાથજીની પ્રતિમા પણ તેમણે સ્થાપન કરાવી છે. ધન, મિલ્કત, કુટુંબ પરિવાર, સંબંધીઓ અને બધુ જ અહિં મૂકીને જ આપણે આ વિશ્વમાંથી વિદાય લેવાની છે, માત્ર પુણ્ય–પાપ બંનેજ આપણી સંગાથે આવનાર છે, આ વાત શ્રી. પ્રભુદાસભાઈ સારી રીતે જાણે છે અને તે મુજબ જ ઉચ્ચ જીવન જીવે છે. માત્ર લક્ષ્મી પ્રાપ્ત કરી લેવામાં જીવન ધન્ય નથી બની જતું, એ લક્ષ્મીનો ધર્મ કાર્યોમાં સદુપયોગ થાય તોજ જીવન ધન્ય બને છે.

ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં પોતે ઉત્સાહપૂર્વક તન-મન–ધન પૂર્વક સહાય કરે છે. મુબઈમાં તેઓ કોટમાં રહે છે અને શ્રી. શાંતિનાથજી જૈન દેરાસરના ટ્રસ્ટીઓ-વ્યવસ્થાપક સમિતિના તેઓ પણ એક સભ્ય તરીકે પોતાની અનન્ય સેવા આપે છે. સેવા, પૂજા, દેવદર્શન, વ્યાખ્યાન શ્રવણ તેમના જીવન સાથે વણાઈ ગયા છે. ઝઘડીઆ ગુરુકુળ, તળાજા કન્યા વિદ્યાલય, પાલીતાણા આંબિલભવન, સમાજસેવા દવાખાનું, સાહિત્ય મંદિરમાં ઉદાર હાથે સહાય કરી છે. પાલીતાણા કેશરિયાજી ધર્મશાળામાં એક રૂમનો નકરો તેઓ તરફથી આપવામાં આવેલ છે. આ ઉપરાંત તળાજા કન્યા વિદ્યાલય મહાવીર જૈન વિદ્યાલય તેમજ ઝઘડીઆ ગુરુકુળમાં એક એક સ્કોલર તેમના વતી રહે તેવી વ્યવસ્થા પણ કરી છે.

સ્વભાવે તેઓ અત્યંત મિલનસાર, સાદા, નમ્ર અને વિવેકી છે. આવા એક ધર્મ અને કર્તવ્યનિષ્ઠ મહાનુભાવ શ્રી. પ્રભુદાસ મોહનલાલ ગાંધીએ આ સભાના પેટ્રન બની અમને ઉપકૃત કર્યા છે, તે માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને શાસનદેવ તેમને તન્દુરસ્ત દીર્ઘાયુષ્ય આપે અને સમાજ સેવાના અનેક કાર્યો કરે એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद प्रकाश

વર્ષ : ૭૩ ]વિ. સં. ૨૦૩૨ માગશર–પોષ .·. ઈ. સ. ૧૯૭૫–'૭૬ ડીસે.–જાન્યુ.[ અંક : ૨-૩

दुक्खं हयं जस्स न होइ मोहो ।
मोहो हओ जस्स न होइ तण्हा ।

तण्हा हया जस्स न होइ लोहो ।
लोहो हओ जस्स न किंचणाइं ॥

महावीरवाणी.

જેના ચિત્તમાં મોહ નથી, તેનું દુ:ખ હણાઈ ગયું. જેનાં ચિત્તમાં તૃષ્ણા નથી તેનો મોહ કપાઇ ગયો. જેની તૃષ્ણા કપાઇ ગઇ તેને લોભ થવાનો સંભવ નથી અને જે પોતાની પાસે કશું જ રાખવાની વૃત્તિ ધરાવતો નથી તેનો લોભ કપાઈ ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાંપત્ય જીવનનો અંતિમ દિવસ

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

કોઇએ સાચું જ કહ્યું છે કે, The brain records everything that a person has ever experienced, observed or learned through an ingenious recording mechanism અર્થાત્ માણુસના મગજની નિષ્કપટી યંત્ર રચના તેણે કયારેય પણ જેજે અનુભવ્યું હોય, અવલોકન કર્યું હોય કે શીખેલું હોય, તેની નોંધ લઇ લેછે. ત્રીસ વર્ષ પહેલાં બનેલી આ ઘટના છે. તા. ૩જી જાન્યુઆરી ૧૯૪૬ ગુરુવારના દિવસે આ બનાવ બન્યો. તે દિવસ માગશર માસની અમાસનો હતો. છેલ્લા ચારેક વર્ષથી મારા પત્નીને પ્રથમ હાર્ટ એન્લાર્જની ઉપાધિ અને પછી જલંદરનો વ્યાધિ શરૂ થયેલો. સારવાર અર્થે અમે પૂના, ચલાળા, પચ્છેગામ, હરકીસનદાસ હોસ્પીટલ, ભાટિયા હોસ્પીટલ, ડૉ. મુલગાંવકરની હોસ્પીટલ અને ડૉ. જસ્સાવાળાના કુદરતી સારવાર કેન્દ્રમાં રહી આવેલા. છેવટે દવાઓથી કંટાળી મારા પત્નીએ વંથળી તેના પિતાના મકાનમાં જઇ રહેવાનું પસંદ કર્યું. મૃત્યુ પહેલાં છ અઠવાડિયા અગાઉ અમે વંથળી ગયા હતા.

માગશર વદિ ૧૪ બુધવારના દિવસે તેની તબિયત વધુ બગડેલી. શ્વાસ લેવામાં અવરોધ થવાથી પથારીમાંજ બેસી રહેવું પડયું. તેના ભાભી અને મારા મોટા બેન અમારી સાથેજ હતા. ચૌદશની રાતે તેઓ બંનેએ દર્દીની પથારીવાળા ઓરડામાં સૂવા ઇચ્છા દર્શાવી, પણ મારા પત્નીએ ના પાડી. આમેય તેની લાંબી માંદગી દરમિયાન હુંજ દિવસ રાત તેની પાસે રહેતો. મને તે કહેતી. 'અન્યની સેવા લેવામાં મારા પર ઋણનો ભાર વધે, જે હું ઇચ્છતી નથી. સારી થયા પછી તમારા ઋણનો બદલો તો હું ત્રણ જ માસમાં વાળી દઇશ.' ચૌદશની આખી રાત મારા ખોળામાં મોટો તકિયો રાખી તેના ટેકે તે જાગતી બેઠી જ રહેલી. સવારમાં, અમાસના દિવસે મેં તેને દાતણ કરાવ્યું અને સ્પન્જ કરી દરરોજની માફક નવસ્મરણનો પાઠ કર્યો, પણ તેને ભારે બેચેની હતી.

સ્વભાવ અને પ્રકૃતિથી તે ભારે વ્યવહારૂ હતી. તેરસના દિવસે તેની બેનના સાસરા જેતપુર ગુજરી ગયા, તેથી મને જેતપુર જઈ આવવા કહ્યું. મેં કહ્યું કે એક બે દિવસમાં જઇ આવીશ. તે દિવસે તેની તબિયત વધુ ખરાબ હોવાથી હું તેની પથારી નજીકજ બેસી રહ્યો. જમી લીધા બાદ બાર વાગે મને ઉજાગરો હોવાથી એકાદ કલાક સૂઈ રહેવા માટે તેણે કહ્યું. હું બગીચામાં સૂવા ગયો પણ મનમાં અકથ્ય વેદના થવા લાગી એટલે એક વાગે પાછો તેની પથારી પાસે જઈ બેસી ગયો. મારી એક બાજુ તેના ભાભી બેઠા હતા અને બીજી બાજુ મારા બેન હતા. મારા પત્નીએ કહ્યું: 'આજે તબિયત વધુ ખરાબ લાગે છે અને વળી પાછી અમાસ છે.' એવા કટોકટીના વખતે પણ મને મનમાં હતું કે માંદગી લંબાણી છે, તેથી સારૂં થઇ જવું જોઇએ. સતી સાવિત્રીની વાતનું એ સમયમાં મને સતત સ્મરણ રહેતું. હું વિચારતો કે મૃત્યુ પામેલા પતિને પણ એ સતીએ સજીવન કર્યો, તો મારી પત્નીને તો માત્ર માંદગીજ છે, એમાંથી હું તેને કેમ સારી ન કરી શકું ? મને મિથ્યાભિમાન હતું કે સાવિત્રી જો પતિવ્રતા હતી, તો મેં પણ એક પત્નીવ્રતનું પાલન કર્યું છે, તો પછી તે શા માટે સારી ન થાય ? તેની વાતનો જવાબ આપતાં મેં કહ્યું: 'તારી માંદગી શરૂ થયા પછી લગભગ પચાસ અમાસો તો ગઈ, તેમાં કાંઇ ન થયું તો આજે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળી શું થવાનું છે ?' પણ આ વાર્તાલાપ તો દીપક ઓલવાવાનો થાય ત્યારે પુષ્કળ પ્રકાશ આપે એના જેવો હતો. તેના મૃત્યુ અગાઉ દશેક મિનિટ પહેલાં મને થયું કે આજનો દિવસ તેના જીવનનો અંતિમ દિવસ દેખાય છે. મેં કહ્યું કે ઉકાળો (તે કદી ચા-કોફી ન લેતી) પીશ તો જરા સ્ફુર્તિ આવશે. તેના ભાભી રસોડામાં ઉકાળો કરવા ગયા. મેં તેનું સૂકું ગળું ભીનું થાય એ માટે એક ચમચો પાણી મોંમાં નાખ્યું, તો તે અંદર ઉતરી ગયું. પછી તેને અસહ્ય બેચેની થતી જોઇ એક બે વખત મોટેથી નવકાર મંત્ર બોલી તેની શાંતિ માટે કહ્યું, "આપણા સંતાનોની જરાએ ચિંતા ન કરતી." આગળ બોલવામાં મારી જીભ પણ, થોથવાવા લાગી, ત્યાં તો ત્રુટક ત્રુટક અવાજે તે છેલ્લા શબ્દો બોલી: "તમે મારી આટલી સેવા કરી એટલે સંતાનોની કાળજી તો રાખશોજ, પણ મને તમારી...." મારા બેન મારી પાસેજ હતા એટલે તેને બોલવામાં ક્ષોભ થાય છે એમ પ્રથમ મને લાગ્યું, પણ પછી જોયું કે તેનો અવાજ તરડાઇ ગયો છે. બીજીજ પળે તેના ચક્ષુ તેજ હીન થતા લાગ્યા અને આ શું થાય છે તે સમજુ, તે પહેલાં તો તેનું મસ્તક જમણી બાજુ ઢળી પડ્યું, જે મેં મારા હાથ પર ઝીલી લીધું. તેનો આત્મા દેહ છોડી ચાલી ગયો હતો અને મારા અંગે અંગમાં વીજળીનો પ્રવાહ ફરી વળ્યો હોય એમ મને લાગ્યું. એ વખતે મારા સમગ્ર ચિત્ત તંત્રમાં ભારે પરિવર્તન થતું મેં જોયું. મારો દેહ પુરુષનો રહ્યો છતાં મારું હૃદય એક માતાનું બની ગયું. મારા સંતાનોની માતા મરીને પાછી મારામાંજ સજીવન થઇ. પત્નીના પ્રાણનો વિનિમય મારા પોતાનામાં થયાનું એ વખતે મેં સ્પષ્ટ અનુભવ્યું.

કરુણતા એ હતી કે જે ઓરડામાં ૨૧ વર્ષ પહેલાં અમારી લગ્ન વિધિ પતી ગયા પછી અમે શન્દલ માતાની મૂર્તિ પાસે કંકુવાળી થાળીમાંથી કોડીઓથી રમ્યાં હતાં, તેજ ઓરડામાં તેણે અંતિમ શ્વાસ લીધો. હું ત્યાંથી ઊઠી તુરત ઓરડાની બહાર આવ્યો. મારા વયોવૃદ્ધ પિતા પણ તે વખતે અમારી સાથેજ હતા. અમારા લગ્ન વખતે જે જગ્યામાં લગ્ન મંડપ બાંધવામાં આવ્યો હતો, તેજ સ્થળે બેસી મેં ધ્રૂજતા હાથે મારા મોટા ભાઇને અમરેલી અને મુંબઇ મોકલવા માટે તારના ફોર્મમાં લખ્યું કે 'LILAVATI Died today. I bear this loss with utmost calm and peace and appeal all of you to do same-MANSUKHLAL.'

મારા સાંસારિક જીવનનો અંત આવ્યો, પણ વ્યક્તિ માત્રને નિયતિ નિર્મિત કર્તવ્યો તો કરવા પડે છે. જીવન જે સ્વરૂપે પ્રાપ્ત થાય, તેજ સ્વરૂપમાં તેને સ્વીકારી લેવામાં ડહાપણ છે. સ્ત્રી વર્ગે એના શબને અંતિમ વખતે પહેરાવવાના કપડાં પહેરાવ્યાં અને ઓરડામાંથી કંપતા હાથે અન્યની સાથે તેના મૃતદેહને હું બહાર લાવ્યો. સ્મશાનમાં જવા હું તૈયાર થયો, ત્યાં તો એક વડીલે મારા પિતાનું ધ્યાન દોર્યું કે, આ પ્રસંગે મારાથી સ્મશાનમાં સાથે ન જઇ શકાય. મારા પિતા તો ભારે શાણા અને સમજુ હતા. તેમણે પેલા વડીલને કહ્યું, "ચાર ચાર વર્ષ સુધી જેની ખડે પગે સેવા કરી, તેનાં અંતિમ સંસ્કાર વખતે તેને (મને) જતાં કેમ અટકાવી શકાય?" સ્મશાનમાં સૌની સાથે હું ચાલતો ગયો અને ઉબેણ નદીના કાંઠે જે દેહને બચાવવા મેં આકાશ પાતાળ એક કર્યાં હતાં, તે જ દેહને કાષ્ટ પર ગોઠવી ચિતા સળગાવવામાં આવી ક્ષુબ્ધ અને શોકાર્ત્ત હૃદયે ચિતાથી થોડે દૂર હું પલોઠી વાળી બેસી ગયો. એક બાજુ ચિતામાં મારા પત્નીનો નિર્જીવ દેહ જ્વલિત થઈ રહ્યો હતો, તો બીજી બાજુ મારી ભીતરની ચિતામાં મારો સમગ્ર સંસાર ભસ્મીભૂત થઈ રહ્યો હતો.

ચિતા ભડભડ કરતી પ્રજ્વલી રહી હતી અને તેની જ્વાળામાં પત્ની સાથેના દીર્ઘકાળ પર્યંતના સ્મરણો, સિનેમાના પડદા પરના દશ્યોની માફક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચક્ષુ સમક્ષ ઊમટી પડ્યાં. લગ્ન પહેલાં અમે એક બીજાને કદી પણ મળેલાં નહીં. લગ્ન વખતે મને કાંડે બાંધવાનું એક સુંદર ઘડિયાળ ઉત્તરમાં મળેલું, પણ મેં જીવનમાં ક્યારે ય ઘડિયાળ પહેરેલું નહિ. લગ્ન પછી બીજે કે ત્રીજે દિવસે ઘડિયાળની ચાવી આપવાનું ભૂલી જવાથી તે બંધ પડી ગયું અને મેં કબાટમાં મૂકી દીધું. મારા પત્નીની નજર મારા કાંડા પર પડતાં પૂછ્યું: 'ઘડિયાળ કેમ કાઢી નાખ્યું ?' મેં કહ્યું કે ચાવી ન દીધી એટલે બે વાગે બંધ પડી ગયું. કાલે યાદ કરીને બે વાગે ચાવી દઈ પહેરી લઈશ. તે સમજી ગઈ કે ઘડિયાળના કાંટા જેમ ફેરવવા માગીએ તેમ ફરી શકે એ વાતની મને ખબર નહોતી. મારું સામાન્ય જ્ઞાન બહુ ઓછું અને નવું નવું જાણવા સમજવાની જિજ્ઞાસા પણ ન મળે. ઘડિયાળના કાંટા ફેરવી શકાય છે એમ મને સીધું કહે તો મારામાં લઘુતાગ્રંથી ઉત્પન્ન થાય, પણ તે ન થવા દેવા માટે તેણે મને કહ્યું: "કોઇ કોઈ ઘડિયાળમાં ગમે ત્યારે કાંટા ફેરવી શકાય તેવી રચના પણ હોય છે, કદાચ તમને આપેલી ઘડિયાળમાં પણ એવી રચના હોય." પછી ઘડિયાળ લઇ ચાવીનો મોગરો ઉંચો કરી તેણે બરોબર ટાઇમ મૂકી મને પહેરી લેવા કહ્યું. પછી તો મેં જાણ્યું કે બધા ઘડિયાળોમાં આવી રચના હોય છે. અમારા ભિન્ન ભિન્ન આત્મા અવિભક્ત બન્યાં પછી, મારી આવી અનેક અજ્ઞાનતાઓને યાદ કરી તે ભારે મજાક કરતી. તેનો જન્મ મુંબઇમાં અને ઉછેર પણ મુંબઇમાં એક ગર્ભશ્રીમંતને ત્યાં થયેલો. મેં મુંબઇ તો નહિ પણ કદી કોઈ શહેર પણ જોયેલું નહીં. અનેક બાબતોમાં હું અબુધ હતો. (આજે ૬૮ મા વર્ષે પણ છું) આ સંદર્ભમાં જ તેનાં અંતિમ શબ્દોમાં મારા વિષેની ચિંતા તેણે વ્યક્ત કરેલી. તે સમજતી હતી કે તેના મૃત્યુ પછી મારી પરિસ્થિતિ પાંખ કપાયેલા પંખી જેવી બની જવાની. આ કારણે જ માંદગીમાંથી સારી થવા તેણે મહાભારત યુદ્ધ કર્યું. મને કે તેને તેમાં સફળતા પ્રાપ્ત ન થઇ તે એક જુદી વાત છે. જે પ્રકારના અમારા લગ્ન થયેલા, તે પ્રકારના લગ્ન વર્તમાન કાળે તો સંભવિત જ નથી. આજની તેના જેવી નારીને મારા જેવો પતિ પ્રાપ્ત થયો હોય તો, એવા લગ્ન છૂટાછેડામાં જ પરિણમે. આ સ્ત્રીએ પતિ અંગે કદીએ બળાપો કે નારાજી ન દેખાડતાં, હું જેવો હતો તેમાં જ સંતોષ તેમજ આનંદ આનંદ માની લીધો અને પ્રસન્નતાપૂર્વક જીવી.

તેના ચેહની સામે બેઠાં બેઠાં એ વખતે મેં ત્રણ દૃઢ સંકલ્પો કર્યાં. અમારા સંતાનોની સંભાળ રાખવાની બાબતમાં તેણે અંતિમ સમયે મારામાં જે અપૂર્વ વિશ્વાસ દર્શાવ્યો, તે વિશ્વાસને પાત્ર બનવું. મારા પત્નીની હયાતિમાં મારું મૃત્યુ થયું હોત, અને પાછળથી એક વિધવા નારી તરીકે જે રીતે તે જીવી હોત, તેજ રીતે મારે હવે શેષ જીવન જીવવું. દેહનું મૃત્યુ થતાં આત્માનો અંત નથી આવતો, પણ તેથી તો આત્માને નવો દેહ પ્રાપ્ત થાય છે એટલું જ. એટલે તેના આત્માએ જે કોઇ નવો દેહ ધારણ કર્યો હોય, ત્યાં તે આત્માને મારા કોઇપણ વર્તન માટે આઘાત કે પરિતાપ થાય તેવું વર્તન ન કરવું.

મને બરોબર યાદ છે કે જે પળે તેનું મૃત્યુ થયું, તેજ પળે મારા સમગ્ર ચિત્ત તંત્રમાં પણ ભારે પરિવર્તન થયું. પુરુષની કઠોરતાને બદલે સ્ત્રીની કોમળતા અને કરુણાના ભાવ મારામાં પ્રગટ્યા. અંત્યેષ્ઠિ સંસ્કાર પતી ગયા પછી ભગ્ન હૃદયે જ્યારે હું પાછો ફર્યો ત્યારે હું જુદો જ માણસ બની ગયો. બીજેજ દિવસે વંથળી છોડી અમે અમરેલી જવા રવાના થયા. મારી સાત વર્ષની નાની પુત્રી અરુણા તે વખતે અમરેલી હતી. મુંબઇમાં હોસ્પીટલમાંથી જ્યારે ઘેરે આવું ત્યારે તે અચૂક મને પૂછતી: 'બાને કેમ છે ?' અને 'બહુ સારું' છે, એક બે દિવસમાં ઘેરે આવી જશે' એ મારો હરહંમેશનો જવાબ હતો. આખે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રસ્તે મને એજ વિચાર આવ્યો કે, અમરેલી પહોંચીશ ત્યારે એ છોકરી મને પૂછશે કે 'બાને કેમ છે ?' તો તેને હું શો જવાબ આપીશ ! આ વિચારે મારા હૃદયમાં ડૂમો ભરાઈ આવ્યો. ઘરમાં હું સૌથી નાનો, એટલે ઢીલો થઇ જઉં તો સૌને બહુ લાગે, એટલે ભાંગેલા અને તૂટેલા હૃદયે પણ બહારથી મેં સરસ સ્વસ્થતા જાળવી રાખી હતી. મારી પત્નીના મૃત્યુ કરતાં મને વધુમાં વધુ દુઃખ તો મારી નાની બંને પુત્રીઓ માટે હતું. મારા કોઇ પાપના ઉદયે પત્નીનો વિયોગ ભલે થયો, પણ આ નાની બાળાઓનું શું પાપ હતું ? છોકરાઓ કરતાં છોકરીઓને માતાની વિશેષ જરૂર હોય છે, તેથીજ તો કહેવાય છે કે 'ઘોડે ચડતો બાપ મરજો, પણ દળણાં દળતી મા ન મરજો.' **सहस्रं तु पितॄन माता गौरवेण अति रिच्यते** હજાર પિતાઓથી એક માતા ચડી જાય છે, એ કહેનારે જરાએ ખોટી વાત નથી કરી. મારા પત્નીના જીવને બદલે યમરાજે મારો જ જીવ લઈ લીધો હોત, તો ત્યાંના દરબારમાં કોઇ ખોટ તો આવવાની નહોતી. પણ યમરાજ એટલે જ ક્રૂર અને દયાહીન.

મારા દેહને નહિ, પણ સમગ્ર ચિત્ત તંત્રને લકવો થઇ ગયા જેવું મને લાગ્યું. અસ્થિર મનને સ્થિર કરવું એ પણ એક પ્રકારનો યોગ છે, તપ છે, મનને નાથવાનો ઉત્તમ ઉપાય જ્ઞાનની ઉપાસના છે. એક નાના બાળકની માફક મેં ધાર્મિક અભ્યાસમાં મારૂં મન પરોવ્યું, મારી બે પુત્રીઓ નવ વર્ષની કોકિલા અને સાત વર્ષની અરૂણા જેને ઉછેરવાની મારી ફરજ હતી, તેઓ તો ઊલટા મને સહાય રૂપ બની ગયા. આ બંને બહેનો મારા જીવનના આધાર રૂપ બની ગઇ. હું આજે પણ તેઓને ઘણી વખત કહું છું કે, તમો બંને આ ભવની મારી પુત્રીઓ છો, પણ ગત જન્મમાં તો ખરેખર મારી માતા જ હશો !

આ ઘટના બન્યાંને ત્રીસ વર્ષનો સમય થઈ ગયો છે.

**विरहोऽपि संगमः खलु परस्परं संगत मनो येषाम्** મન મળેલાં હોય તો પછી વિયોગ પણ સંયોગ રૂપ જ લાગે છે, એમ મેં ખરેખર અનુભવ્યું છે. મને તો એમ પણ લાગે છે કે, જીવનમાં સંયોગ કરતાં વિયોગનું જ વધારે મૂલ્ય છે. સંયોગમાંથી જીવનની પૂર્ણતા અવતરવી કઠિન છે, કારણ કે એમાં સ્થૂળતા, જોડાયેલી નિર્બળતાઓ, અશક્તિઓ પૂર્ણતાની આડે અસંખ્ય અડચણો ઊભી કરે છે. તેથી જ કોઇએ સાચું જ કહ્યું છે કે, " છે મૂલ્ય પ્રેમના દર્દતણું, અધિક તેના સર્વ આનંદથી પણ. " વિયોગને દુઃખ રૂપે ન માનતાં વિયોગને હવે હું તપ રૂપે માનતો થઈ ગયો છું. બાકી તો દાંપત્ય જીવનમાં, બંનેમાંથી એકનું મૃત્યુ થતાં, જે વિદ્યમાન રહે છે, તેની દ્વારા મૃત પ્રિયજન પણ અખંડિતપણે જીવન્ત રહેતું હોય છે. વરસો પહેલાં ખલિલ જિબ્રાનના એક પુસ્તકમાં 'બહુ દૂર થયા વિના બહુ નજીક આવી શકાતું નથી' એમ વાંચ્યાનું યાદ છે. તે વખતે તો તેનો અર્થ મને ન સમજાયેલો, પણ હવે એ વાત સમજાય છે. મારા પત્નીની હયાતિમાં તો જેટલો સમય અમે સાથે રહેતા, તેટલો જ સમય તેને મારી સમીપ રહેતી અનુભવતો, પણ હવે તેના મૃત્યુ પછી તો તેનો જીવ સતત મારા સંપર્કમાં રહેતો હું અનુભવું છું. આ વાત માત્ર મારી કલ્પના નથી. અલબત્ત, કેટલાક સત્યો ઇન્દ્રિય પ્રત્યક્ષ દ્વારા સાબીત કરી શકાતા નથી. કોઈએ સાચું જ કહ્યું છે કે, કાદવ વચ્ચે જેમ કમળ ખીલે છે, તેમ દૈવી ભાવનાનો ઉદય પણ હંમેશા શોકની વચ્ચે જ થાય છે. મોહનો નાશ થયા વિના જીવનનો વિકાસ નથી સાધી શકાતો, એ વાત સાચી છે, પરંતુ દાંપત્ય જીવનની સાચી સફળતા અને સિદ્ધિ પણ મોહના નાશમાં જ રહેલી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ, શાસ્ત્રીજીના ત્યાગ અને સંઘર્ષમય જીવનની એક ઝલક

લેખક : **શ્રીમતી લાલબહાદુર શાસ્ત્રી**

શાસ્ત્રીજી વિષે તો ઘણું લખાયું છે અને હજી યે લખાશે, પણ જે પારિવારિક મુશ્કેલીઓ વેઠતાં વેઠતાં એમણે પોતાના વ્યક્તિત્વને ઘડયું હતુ એ માત્ર મારા માટે જ નહિ પરંતુ જનસાધારણ માટે યે આશ્ચર્યજનક અને ઉદાહરણીય છે. એમની ભૂતકાલીન મધુર સ્મૃતિઓમાં ખોવાઈને હું સુખની અનુભૂતિ કરું એ સિવાય મારા શેષ જીવનમાં બાકી યે કંઈ નથી રહ્યું જ્યારે આવી સ્મૃતિઓમાં ઊતરી જાઉં છું ત્યારે લાગે છે કે એ માત્ર યાદ જ નહિ, પ્રત્યક્ષ ચલચિત્ર સમી જીવંત પણ લાગે છે. આ જ સંદર્ભમાં હુ મારા વીતેલા દિવસોની એ યાદની એક ઝલક રજૂ કરું છું. એનાથી શાસ્ત્રીજીનું ખરું રૂપ અને એમનું મહાન વ્યક્તિત્વ પ્રકટ થાય છે.

કોઈ પણ સત્યાગ્રહ શરૂ થાય એ પહેલાં અન્ય જાણકારીને આધારે અંગ્રેજો કોંગ્રેસના કાર્યકરોને બહુ ચાલાકીથી પકડી લેતા. ગૌતમજીની ધરપકડ પછી જ્યારે એમના પર મુકદ્દમો ચાલી રહ્યો હતો ત્યારે દર તારીખે શાસ્ત્રીજી કોર્ટમાં જતા, એક દિવસ કોર્ટમાં જ એમને ગિરફતાર કરી લીધા અને પછી એમનો યે કેસ ચાલવા લાગ્યો. એની દર તારીખે અમે કોર્ટમાં જતાં. પણ ત્યાં એમની સાથે કંઈ વાત કરવા મળતી નહિ, માત્ર એમનાં દર્શનનો લાભ જ અમે લઈ શકતાં. ફેંસલો સંભળાવવાનો હતો એ દિવસે શાસ્ત્રીજીનાં બનેવી અને ફોઈબા પણ કોર્ટમાં આવેલાં. અગાઉથી મળવા માટે અરજી કરી રાખેલી, પણ ત્રણથી વધુ જણ શાસ્ત્રીજીને મળી શકે તેમ નહોતા. મારા નણદોઈજી તો ખાસ એમને મલવા માટે જ આવેલા એટલે તેઓ મળે એ જરૂરી હતુ અને માજી યે મળવાનાં જ હતાં. બાકી રહ્યાં હું અને ફોઈબા. મારી હાલત તો મારા સિવાય કોણ સમજી શકે ? સંકોચને કારણે હું મારી ઈચ્છા વ્યક્ત કરી શકતી નહોતી. પ્રયત્ન છતાં મારી આંખમાં આંસુ રોકી શકાતાં નહોતાં. નણદોઈજી ને માજી ફોઈબાને મુલાકાત માટે લઇ જવાના મનનાં હતાં, અને તેઓ એમની સાથે ગયાં યે ખરાં. હું જેલના ફાટક સામે એક ચબૂતરા પર એકલી બેઠી રહી. જેલરે મને માજીની સાથે જોઈ હશે એટલે જ્યારે બધાં શાસ્ત્રીજી પાસે પહોંચ્યાં ત્યારે એણે મારો નિર્દેશ કરીને શાસ્ત્રીજીને કંઈ પૂછ્યું અને પછી મને પણ સૌની પાસે ત્યાં બોલાવી લીધી. વાતચીત પૂરી થયે સૌ જવા લાગ્યાં ત્યારે હું જાણી જોઈને જરા પાછળ રોકાઈ રહી. શાસ્ત્રીજીએ તક સાધી શાંતિથી નિશ્ચિંત રહેવા કહીને મને આશ્વાસન આપ્યું.

સજાની સાથે સાથે એમને દંડ પણ થયેલો. એની વસૂલાત માટે એક દિવસ અચાનક પોલીસો જપ્તી લઈ આવી ચડ્યા. માજી ગંગાસ્નાન માટે ગએલાં ને ઘરમાં હું એકલી જ હતી. દરોગાએ ઘરમાં કોણ કોણ છે એ પૂછતાં મેં કહ્યું કે બધાં ગંગાજી નહાવા ગયાં છે. એટલે અણે મારી ઓળખ પૂછી.

'હું પડોશમાં રહું છું.'

'આપના પતિનું નામ શું છે ?'

મેં તુરત જવાબ આપ્યો, 'ચંદ્રિકાપ્રસાદ.'

'તેઓ ઘેર નથી ?'

'ના, કાનપુર ગયા છે. કાલે આવશે.'

'અચ્છા, તો પછી અમે કાલે ફરી આવીશું.' અને તેઓ ચાલ્યા ગયા. માજી આવ્યાં ત્યારે મેં એમને બધી વાત કહી અને અમે સઘળી ઘરવખરી બીજે સ્થળે ફેરવી નાખી. બીજે દિવસે પોલીસને ઘરમાંથી ખાસ કંઈ હાથ લાગ્યું નહિ.

સાઉથ મલાકા જેલમાંથી શાસ્ત્રીજીનો પત્ર આવ્યો કે તેઓને ફૈઝાબાદ મોકલવાના છે. પત્રમાં એમના જવાનો દિવસ પણ જણાવ્યો હતો. એ જ પત્રમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમણે વટાણાની પૂરીઓ માટે લખેલું. એ એમને બહુ ભાવતી. આવા સ્થળાંતરને દિવસે ઘરનાં માણસોને મળવાની તથા કેદી માટે ઘેરથી ખાવાનું લઇ જવાની પણ છૂટ રહેતી. એમને દૂર ફૈઝાબાદ લઈ જશે એ જાણીને દુઃખ તો થયું જ, પણ જેલ સુધી એમને મળવા ને પછી સ્ટેશને વળાવવા જવા માટે એક્કાનું ભાડું ક્યાંથી કાઢવું એની ચિંતામાં એ તો જાણે વિસરાઇ ગયું. વળી એમના માટે પૂરીઓ બનાવવા સારૂ ઘરમાં એકે દમડીયે નહોતી. અંતે ગૌતમજીનાં પત્ની પાસે પૈસા માગી જોયા. પણ એમની પાસેયે કેટલાક પૈસા હોય ? છતાં જે બેએક હતા એ એમણે અમને આપી દીધા. એક્કાના ભાડાનું તો થઇ રહ્યું પણ મટરની પૂરીઓ ન બની શકી.

નિશ્ચિત દિવસે હું અને જીજી મલાકા જેલ પહોંચી ગયાં. જેલના ફાટક પર એક દાઢીવાળો સિપાઈ ચોકી ભરતો હતો એને જોતાં જ હુ ઓળખી ગઈ. એ દિવસે જપ્તી લઇને આવેલા પોલીસોમાં એ પણ હતો. મને જોઇને એયે ઓળખી ગયો હતો. કેમ કે પાસે ઊભેલા સિપાઈને એ કહી રહ્યો હતો કે, 'જાણે છે, આ કોણ છે ? એ છે શ્રીમતી ચંદ્રિકાપ્રસાદ ઉર્ફે શ્રીમતી લાલબહાદુર કોંગ્રેસીઓનાં બૈરાં યે બહુ ચાલાક બની ગયાં છે. એ દિવસે એણે અમને ખરા બનાવ્યા હતા !'

ઠીક ઠીક સમય વીતી ગયો, પણ ફાટક પર કોઈ દેખાયું નહિ. કંઇ કારણ સમજાતું નહોતું, એટલામાં કોઇ સજ્જને આવીને ધીમેથી પૂછ્યુ કે, 'તમે શાસ્ત્રીજીને ત્યાંથી આવ્યાં છો ને ?' અમે હા પાડી એટલે એણે જણાવ્યું, 'તો તો પછી જલ્દી સ્ટેશન પહોંચી જાઓ. તમે સૌ મળી ન શકો એટલા સારૂ શાસ્ત્રીજીને જેલના પાછલા દરવાજેથી લઇ ગયા છે. પેલા સિપાઈએ જાણી જોઇને તમને કહ્યું નથી લાગતું. પણ મને બધી ખબર છે. હું યે અહીંનો એક સિપાઈ જ છું.'

જલ્દી જલ્દી અમે સ્ટેશને પહોંચ્યાં. શાસ્ત્રીજીની ગાડી ઊપડી ગઈ હશે તો ? મનમાં એની જ ગડમથલ ચાલતી રહી. સ્ટેશને પહોંચતાં જોયું કે બહાર જેલની બંધ ગાડી ઊભી હતી. એ જોઈ જીવ હેઠો બેઠો. શાસ્ત્રીજીયે એ ગાડીમાં જ હશે સમજી ત્યાં જઈ ઊભાં. એટલામાં ટંડનજી આવી ચડ્યા. અમને અહીં જોઇને પૂછ્યું, 'કેમ વહુ, મુલાકાત થઈ ગઈ.' મેં ના કહેતાં એમણે કહ્યું, 'તો અહીં કેમ ઊભાં છો ? ત્યાં પ્લેટફોર્મ પર ચાલો. હવે તો ગાડી ઊપડવાની તૈયારીમાં છે.'

અમે બંને એમની પાછળ પાછળ પ્લેટફોર્મ પર પહોંચ્યાં. બારીમાંથી શાસ્ત્રીજી આમતેમ નજર નાખી રહ્યા હતા. અમે એમની નજીક પહોંચ્યાં ને ગાડી ઊપડી. એકદમ કૂદીને તેઓ નીચે ઉતરી ગયા. સાથેના પોલીસો કહે, 'અરે આ શું કરો છો, આપનું તો કંઈ નહિ બગડે, પણ અમારી નોકરી જશે.' જેમ તેમ કરી શાસ્ત્રીજી સાથે અમે યે ડબ્બામાં ચડી ગયાં. ટંડનજી અને એમની સાથેના એક આદમીએ તો શાસ્ત્રીજી સાથે વાતો માંડી દીધી. મને કહે, 'તમે પછી વાત કરજો' અમારે કેટલીક જરૂરી વાત કરી લેવી છે, એ પતાવીને આગલા સ્ટેશને અમે ઊતરી જઈશું.'

ફાફામાઉ સ્ટેશન પર ટંડનજીએ બે ટિકિટો લાવી આપી અને એક પત્ર લખી આપ્યો. જે સ્ટેશને જેમને એ પત્ર આપવાનો હતો એના સંબંધમાં એમણે શાસ્ત્રીજીને પણ કહ્યું. અમારા ખાવાપીવાનો અને ઘેર પાછા પહોંચાડવાનો સમુચિત પ્રબંધ એ ભાઈ કરી આપશે. પછી સ્ટેશન આવતાં ટંડનજી ને એમની સાથેના ભાઈ ત્યાં ઊતરી ગયા. ગાડી ઊપડી એટલે શાસ્ત્રીજીએ પૂછ્યુ, કંઈ ખાવાનું નથી લાવી અને પેલી મટરની પૂરી યે યાદ કરી. હુ આંસું રોકી શકી નહિ. મારી પાસે પૂરા પૈસા યે નહોતા કે સ્ટેશન પરથી કંઈ ખરીદીને એમને ખવરાવું. પણ શાસ્ત્રીજીએ તુરત એ વાત પડતી મૂકી. બાકીના આખા રસ્તે દેશની ને સમાજની વાતો કરી અને એ પણ સમજાવ્યું કે ઈમાનદારી અને ધીરજની શક્તિ જ સૌથી મોટી તાકાત છે. એનો સહારો કદી છોડવો નહિ. પછી બનતાં સુધી વિસનાથગંજ કે એવું કોઇ સ્ટેશન આવ્યું. ત્યાં અમે ઊતરી ગયાં. ટંડનજીનો પત્ર જેમને આપવાનો હતો એ ભાઈ પણ ત્યાં હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રીને માટે દૂધ–મીઠાઇનો પ્રબંધ કર્યો. ગાડી ગયા પછી અમારા માટેયે યોગ્ય વ્યવસ્થા કરી. અલાહાબાદ સુધીની બે ટિકિટો કઢાવી આપી અને રાત્રે દસની ગાડીમાં અમને બેસાડીને પછી ઘેર ગયા. એકાદ વાગ્યે અમે અલાહાબાદ પહોંચી ગયાં.

શાસ્ત્રીજી જ્યાં સુધી મલાકા જેલમાં હતા ત્યાં સુધી તો એમની ગેરહાજરી સાલવા સિવાય અમને ખાસ કંઈ દુઃખ નહોતું લાગતું. જેલમાં એમને કેમ હશે, શું કરતા હશે, બીમાર પડશે તો ? વગેરે વિચારોની બેચેની અમને નહોતી; પણ શાસ્ત્રીજીને ફૈઝાબાદ લઈ ગયા પછી તો રાત–દિવસ કોઈ કામમાં જીવ લાગતો નહિ. હમેશાં એમને જોવા જવાની–મળવાની ઇચ્છા થયા કરતી. પણ ફૈઝાબાદ સુધી જવાના ગાડીભાડા જેટલા પૈસા યે ત્યારે નહોતા. ઘરખર્ચ પણ બહુ મુશ્કેલીથી નભતો હતો. ત્યાં ગાડીભાડું ક્યાંથી કાઢવું ? કોઈ પાસેથી ઉછીના પૈસા લાવું તો એ પાછાં યે ક્યાંથી અપાવાના હતા ? વળી, શાસ્ત્રીજીને કોઈ પાસેથી ઉછીનું લેવું ગમતું નહિ. આમ લાચારીથી મનોમન સમસમી રહેતી ને ક્યારેક બે આંસુ પડી જતાં. છતાં ઘરખર્ચમાં કાપ મૂકીને છએક મહિને મેં ફૈઝાબાદ જઈ આવવા જેટલા પૈસા ભેગા કર્યા. જતી વખતે મેં સંતાડીને બે કેરીઓ જેલમાં લઈ ગઈ, અને જેવી એ શાસ્ત્રીજી સામે ધરી કે એ તપી ગયા. 'આ શું ? તમે એ સંતાડીને લાવ્યાં ? હું એ ન જ ખાઉં. અને હમણાં ફાટક પર જઈને કહું છું કે તમે સંતાડીને આ કેરી લઇ આવ્યા. તે એ લોકોએ તમારી તપાસ કેમ નહોતી કરી ? હું જાણું છુ કે તમે એ કેમ લાવ્યા છો ? જો હું એ ખાઉં તો પછી આખી મોસમ તમે યે કેરી ખાઈ શકો. એ સિવાય તમારાથી ખવાય નહિ, ખરું ને ? ખરેખર શરમજનક છે કે પોતાના સ્વાર્થ માટે તમે બીજાનું ઇમાન પણ ભ્રષ્ટ કરો છો. હું આ કેરી નથી જ ખાવાનો.' થઇ રહ્યું. હું રડવા લાગી. આટલા મહિનાઓ પછી એમને મળી શકાયું, એમને કહેવા પૂછવા કેટકેટલું વિચારી રાખેલું, પણ બધું ઊંધું વળી ગયું. મને વધુ તો એ લાગી આવ્યું કે એમણે એમ કેમ માની લીધું કે મને ખાવા મળે માટે હું એમના સારૂ કેરીઓ લઈ ગઈ હતી. ચોરીછૂપીથી લઈ ગઇ એ ખરૂં, એ મારી ભૂલ, પણ એ કઇ ભાવનાથી લઈ ગએલી એનોયે એમને ખ્યાલ હતો છતાં તેઓ આમ કેમ ગુસ્સે થઈ બેઠા ? અને આ વિચારોમાં મુલાકાતનો એક કલાક વીતી ગયો છતાં હું ખાસ કંઈ વાતચીત કરી શકી નહિ. પાછા ફરતી વખતે શાસ્ત્રીજીએ પેલી કેરીઓ પાછી આપવા માંડી ત્યારે કોઇ બીજા કેદીને આપી દેવાશે એમ કહીને ગૌતમજીએ એમની પાસેથી એ લઈ લીધી. પણ ફૈઝાબાદથી પાછા આવ્યા બાદ ચાર–છ દિવસે એમનો કાગળ આવ્યો. એમાં એમણે ક્રોધાવેશમાં મને જે કંઈ કહેલું એ બદલ દુઃખ વ્યક્ત કરવા સાથે માફી માગી હતી.

આ વાત તો હવે બહુ જૂની થઇ ગઇ. પણ આજે ય જ્યારે એ યાદ આવે છે ત્યારે મનમાં એક અજબ હલચલ મચી રહે છે. આની સાથે આવી બીજી અનેક વાતોની યાદમાં મન લાચાર બની જાય છે. પણ આવું બધું યાદ કરી દ્રવીભૂત થઇને બે બુંદ આંસુ પાડવા સિવાય હવે રહ્યું છે યે શું ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નહિ પુરુષ બળવાન

લેખક : **શ્રી સારંગ બારોટ**

બે વર્ષની યાતનાઓ ભરી બેકારી પછી શ્રીકાંતને ખબર મળ્યા કે ભવાની મિલ્સમાં એને લાયક એક જગ્યા ખાલી છે. જગ્યા પોતાને માટે લાયક નહોત તો પણ શ્રીકાંતે પ્રયાસ કર્યો હોત, કારણ કે બેકારીની નાગચૂડે એને એવો તો હેરાન પરેશાન કરી મૂકયો હતો કે એ હવે પોતાની લાયકાત વિશે વિચારતો બંધ થઈ ગયો હતો પોતાની આવડત પ્રદર્શિત કરી શકાય એવી શકયતા વાળી નોકરી છે અને પગારનું ધોરણ પણ પોતાની પાછલી કારકિર્દીને ઝાઝી ઝાંખી પડે એવું નથી, એ જાણ્યા પછી શ્રીકાંતે કોઈ પણ ભોગે એ નોકરી મેળવવા નિશ્ચય કર્યો.

લાગવગ એ બહુ જરૂરી વસ્તુ છે એ શ્રીકાંત હવે સમજતો થયો હતો, એટલે સૌ પ્રથમ તો એણે નોકરી આપવાનો અધિકાર જે વ્યક્તિ પાસે હતો એના પર સિફારસ પહોંચાડવાનો વિચાર કર્યો. અને ભવાની મિલ્સમાં ખાલી જગ્યા આપવાનો અધિકાર કોની પાસે છે એની એણે તપાસ કરી. તપાસને અંતે એને સો ઉપરાંત ટકાની ખાતરી થઈ ગઇ કે નોકરી એને મળશે જ; અધિકારીની જગ્યા એનો એક બહુ સમયથી નહિ મળેલો જૂનો મિત્ર સંભાળી રહ્યો હતો. શ્રીકાંતને ખૂબ આનંદ થયો. આવા સુયોગ બદલ એણે મનમાં ને મનમાં કોઈ સેંકડો વાર પ્રભુનો પાડ માન્યો અને બીજે જ દિવસે મુલાકાત લેવાનો નિશ્ચય કરી એક સરસ અરજી એણે ઘડી કાઢી.

પોતાનું નામ અને કામ એક કાગળ ઉપર લખી એણે પેલા અધિકારી મિત્ર જયવંત પર મોકલ્યું, ત્યારે શ્રીકાંતને ખાતરી હતી કે પાંચ દશ મિનિટમાં જ એને કેબિનમાં બોલાવવામાં આવશે. પણ પૂરી પાંત્રીસ મિનિટની તપશ્ચર્યા પછી જ એને પ્રવેશ મળ્યો. મોટો માણસ છે, કામમાં હશે એવું કલ્પી શ્રીકાંતે મન મનાવ્યું, પણ કેબિનમાં પહોંચ્યા પછી એને જુદો જ અનુભવ થયો.

'આવો' જયવંતે કહ્યું. "બોલો".

'આપણે બહુ લાંબા ગાળા પછી મળ્યા મને ખબર ન હતી કે તું અહીં ઓફિસર તરીકે કામ કરે છે. હું તારે ત્યાં ખાલી પડેલી એક જગ્યા માટે આવ્યો છું. શ્રીકાંતે જયવંતના ઠંડા વર્તનની નોંધ લીધા વિના કહ્યું.

'હં, જુઓ...'

'તું મને કૃપા કરી બહુ વચનમાં સંબોધવાનું બંધ કરીશ ?' શ્રીકાંતે મિત્ર ભાવે કહ્યું

'ના, જુઓ, વાત જાણે એમ છે કે હું અંગત મિત્રોને ઓફીસમાં મળતો નથી, તેમજ અંગત સંબંધો નોકરી આપવામાં વચ્ચે આવવા દેતો નથી. ખરી વાત એમ છે કે અમારે ત્યાં કોઈ જગ્યા ખાલી નથી, એટલે આપને મુલાકાત આપવાનો કશો અર્થજ ન હતો. છતાં કેબિનમાં બોલાવી રૂબરૂ ના પાડવું મને આપણા સંબંધને કારણે જ યોગ્ય લાગ્યું."

'બહુ ઉપકાર કર્યો' શ્રીકાંત સામી વ્યક્તિનું માનસ પારખી ગયો.

' કોઈ અંગત કામ હોય તો તમે મને ઘેર મળી શકશો. ટેલિફોન કરી કોઈપણ રવિવારે મારે બીજા રોકાણો નહિ હોય તો મુલાકાત થઈ શકશે. ડિરેકટરી-માંથી તમને મારું સરનામું વગેરે મળી શકશે.'

' આભાર.' શ્રીકાંતે કહ્યું અને ઊઠ્યો. ઊઠીને બોલ્યો: ' પણ એ રીતે કોઇ અંગત કામ માટે ઘેર આવવાનું નહિ બને એની ખાતરી રાખશો.'

આટલું કહીને એ ચાલ્યો ગયો.

કોલેજનાં ચાર વર્ષો દરમિયાન ખૂબ જ ઘનિષ્ઠ બની રહેલા જયવંતના આ માનસપલટા પાછળનાં કારણો શોધતો અને એને મળેલા અધિકાર પર શાપ વરસાવતો શ્રીકાંત ગુસ્સામાં ઘેર પહોંચ્યો.

' કેમ નોકરી મળી ?' થોડા દિવસ પછી નોકરીની ભાળ આપનાર મિત્રે શ્રીકાંતને પૂછ્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ના યાર, ત્યાં તો કે છે કે, જગ્યા જ ખાલી ન હતી.'

'પણ તેં તપાસ કરી હતી કે નહિ ?'

'ગયો હતો. ત્યાં જે 'એપોઈન્ટમેન્ટ' આપે છે એ માણસ તો મારો મિત્ર નીકળ્યો.

'કોણ માણસ ?'

'જયવંત કરીને છે એક.'

'હું ઓળખ્યો ઓળખ્યો. પછી શું થયું ?

'થાય શું, કહે કે અહિં તો જગ્યા જ નથી.'

'તેં એક જબરદસ્ત ભૂલ કરી. જયવંતને ઘેર જઇ તારે બસો પાંચસો દબાવવા જોઇતા હતા. એ તો એક નંબરનો લાંચિયો માણસ છે. કદાચ તું મિત્ર હોવાથી તારી પાસેથી લાંચ નહિ લઇ શકાય એ વિચારે જ એણે ના પાડી હશે.'

'કદાચ એમ પણ હોય. એનું વર્તન મને બહુ વિચિત્ર લાગ્યું.'

થોડા દિવસ પછી એ જ માણસ શ્રીકાંતને મળી ગયો, મળતાં જ બોલ્યો: 'હું કહેતો હતો એમ જ થયું. ભવાની મિલ્સમાં જગ્યા ખાલી જ હતી ગઈ કાલે જ મારા એક ઓળખીતાનું ત્યાં નક્કી થયું. જયવંતને એણે એક હજાર રૂપિયા આપ્યા મને ખબર નહિ કે ત્યાં જયવંત સાહેબ બિરાજે છે, નહિ તો મેં તને પહેલાથી ચેતવ્યો હોત.'

'ચાલો જે થઈ ગયું તે થઇ ગયું.' શ્રીકાંતે કહ્યું: 'આપણામાં નિરાશાવાદીઓની ઘડેલી એક કહેવત છે કે જે થાય છે તે સારા માટે જ થાય છે. કયારેક આ કહેવત સાચી પણ હોય છે. હું એક બીજી જગ્યાએ પ્રયાસ કરી રહ્યો છું. જો સફળ થઈશ તો ભવાની મિલ્સ કરતાં સારી જગ્યા છે અને આગળ વધવાના ચાન્સીઝ પણ ખૂબ છે.

'એમ ! ચાલો વીશ યુ સકસેસ, મળતો રહેજે.' પેલા મિત્રે કહ્યું અને છૂટો પડ્યો.

સાત વર્ષ વીતી ગયા અને શ્રીકાંતની ધારણા સાચી પડી. એને મળેલી નોકરીમાં સાત વર્ષે એ ખૂબ ઊંચા દરજ્જે પહોંચી ગયો. અને એ ઊંચા દરજ્જે પહોંચ્યો ત્યારે એક દિવસ એક અકસ્માત થયો. શ્રીકાંતના ટેબલ પર એક મુલાકાતની ચિઠ્ઠી આવી. નામ જયવંત હતું ! કામ નોકરી માટે અરજ ગુજારવાનું હતું. શ્રીકાંતે તુરત એને અંદર બોલાવ્યો.

'આવ જયવંત બેસ, શું પીશ, ગરમ કે ઠંડું ?'

જયવંત બેસી શકયો નહિ, આંખ પણ ઊંચી ન કરી શકયો.

'મારે ત્યાં જગ્યા ખાલી છે. તું અનુભવી છે એટલે નોકરી તને મળી શકે એમ છે પણ...'

'ભાઈ...' જયવંત બોલ્યો, હાલત બહુ ખરાબ છે. ઘરમાં પત્ની બીમાર છે. દવાના પણ પૈસા નથી. હું જાણતો હતો કે તુ મને અપમાનિત કરીશ છતાં આવ્યો છું. કૃપા કરી...'

મેં તને હજી સુધી અપમાનિત કર્યો નથી. તેં એવું શાથી માની લીધું ? મારી એક કુટેવ છે કે હું બોલતો હોઉં ત્યારે વચ્ચે કોઈ બોલે એ મને પસંદ નથી. હું કહેતો હતો કે નોકરી તને મળી શકે તેમ છે, પણ જગ્યા જવાબદારીભરી છે એટલે તારે સંભાળવું પડશે. જૂની આદત મુજબ લાંચ લેવાનો પ્રયાસ કરીશ તો મારે ન છૂટકે રજા આપવી પડશે. મેં સાંભળ્યું છે કે તને લાંચ લેવાના ગુના બદલ જ જૂની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. મારી આ શરત મંજૂર હોય તો કાલથી તું કામ પર ચડી શકશે.'

'શ્રીકાંત...ભાઇ...તેં મને મરતો બચાવ્યો છે...!' જયવંતની આંખમાં આંસુ હતાં. શ્રીકાંતે એના તરફ ધ્યાન આપ્યા વિના કહ્યું:

હાં, અને સાંજેકના તું મને ઘેર મળજે. સરનામું તને ટેલિફોન ડિરેકટરીમાંથી મળી રહેશે. મિત્રોને મદદ કરવાની મારી જૂની આદત હજુ ગઈ નથી. બસો–પાંચસો લઈ જજે અને સૌ પ્રથમ પત્નીના ઇલાજની ગોઠવણ કરજે. અરજી લાવ્યો છે ?'

જયવંતે કંપતા હાથે અને આંસુભરી આંખે શ્રીકાંતના ટેબલ પર અરજીનાં કાગળિયાં મૂકયાં અને આંખ લૂછતાં લથડતી ચાલે કેબિનમાંથી બહાર નીકળી ગયો.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મેરુદંડ જેવી વિદ્યાકીય શિસ્ત

લે. ઉમાશંકર જોષી.

(ભાષાશાસ્ત્રના પ્રખર વિદ્વાન ડો. પ્રબોધભાઇ બેચરદાસ પંડિતનું તા. ૧૮-૧૧-૭૫ના રોજ દિલ્હી મુકામે અવસાન થયું તે પ્રત્યે અમો ઊંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ, અને તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છીએ છીએ. સ્વર્ગસ્થના કુટુમ્બીજનો પર આવી પડેલ આપત્તિમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ.

સ્વ શ્રી દિલ્હી યુનિવર્સિટીના ભાષા શાસ્ત્રના પ્રધ્યાપક હતા. તેમના અવસાનથી જૈન સમાજને અને સાહિત્યક્ષેત્રને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમના જીવનનો ટૂંક પરિચય આપતો રા. શ્રી ઉમાશંકર જોષીનો લેખ તા. ૨૧-૧૨-૭૫ના જનશક્તિમાંથી સાભાર રજુ કરીએ છીએ. -તંત્રી.)

ડો. પ્રબોધ પંડિતનું નવેમ્બર, ૨૮, ૧૯૭૫ના રોજ દિલ્હીમાં ટૂંકી માંદગી બાદ એકાએક અવસાન થતા વિદ્યા જગત ઉપર મોટો ઘા પડ્યો. બાવન વરસ એ કાંઈ ઉંમર નથી. પોતાના વિષયના દુનિયાના વિદ્વાનોમાં માંગ મુકાવે એવી પરિણત વિદ્યાશક્તિનો હવે ફસલનો સમય હતો ને દેશનો એક નીવડેલો અગ્રિમ વિદ્યાપુરૂષ અકાળે ચાલ્યો ગયો એ લાગણી એમના સહેજ પણ સંબંધમાં આવેલ સૌ કોઇ અત્યારે અનુભવે છે.

પ્રબોધભાઇના પિતાજી પં. બેચરદાસજીનું પ્રાકૃત વ્યાકરણ આપણા વયોવૃદ્ધ વિદ્વાન રસિકલાલ પરીખ આદિ ભણેલા ભાષા પ્રબોધભાઈને ગળથૂંથીમાં મળી. માતા અજવાળી બહેન કહે છે, શાળા શિક્ષક પાસેથી પ્રબોધભાઈનું વ્યાકરણ નબળું છે જાણીને મેં એને કહ્યુ કે, તારા બાપુ કોણ છે જાણે છે ને? વ્યાકરણ તને ન આવડે? તે પછી પ્રબોધભાઈને એ વિષયમાં પૂરા ગુણ મળવા લાગ્યા. સંસ્કૃત અર્ધમાગધી સાથે બી એ. અને સંસ્કૃતભાષા વિજ્ઞાન સાથે એમ. એ. કરી લંડનમાં ડો. ટર્નર પાસે પી. એચ ડી. કર્યું. પેરિસમાં જઇ ડો. જયૂલ બ્લોક પાસે તાલીમ લીધી. શેકસ્પીઅર આજીવિકા માટે અભિનેતાનું કામ કરે અને વિશ્વ કવિની કામગીરી રાત ઉજાગરો કરીને બજાવે, એમ આપણા દેશમાં હજી પચીસેક વરસ પહેલાં પણ એ સ્થિતિ હતી કે, ભાષાવિજ્ઞાની ભાષા વિજ્ઞાનની સાધના મેળે મળે કરે, જીવે અધ્યાપન કાર્ય કોઇ એક ભાષાનુ કરીને. ડો. નારાયણ કાલેલકર બ્લોકના શિષ્ય એટલે પેરિસમાં ફ્રેન્ચ તો જાણી લીધુંજ હોય, ફ્રેન્ચના અધ્યાપકનું કામ તેઓ કરે. પ્રબોધભાઈ સંસ્કૃતના અધ્યાપક બન્યા. ગુજરાત યુનિવર્સિટીમાં ભાષા સાહિત્ય ભવનમાં અધ્યાપન માટે બીજી નિમણુંકનો પ્રસંગ આવ્યો ત્યારે મેં વિનંતી કરી કે, ગુજરાતીના અધ્યાપનમાં તો શહેરના બીજા સાથીઓની મદદ લઈ શકાશે. ભાષાવિજ્ઞાનનું એક પ્રશ્નપત્ર હોય છે તેની જાણકારીવાળા વિદ્વાન મળે તો ભાષાઓ અને સાહિત્યના અધ્યયન માટેના ભવનમાં મેરુદંડ જેવી અનિવાર્ય વિદ્યાકીય શિસ્તનો લાભ મળવા માંડે એમને નિમણુંક પત્ર અમેરિકાની યેઈલ યુનિવર્સિટીમાં શ્રીમતી ધીરૂબેનને બંને ગયેલા હતા ત્યાં મળ્યો. અચાનક એક સમિતિના સભ્ય તરીકે હું એ દિવસે ત્યાં હતો. તેઓનું મન જરી મોળું હતું. મેં કહ્યું, તમે ભાષાતત્વ સિવાય કશામાં પડો એ અમને જ ન પોસાય, મધ્ય કાળની કૃતિઓ પણ અમે ભણાવીશું. તમારી ઉપર એ ભાર નહિ. એમણે એ કામ સ્વીકાર્યું, પછીથી ભાષા વિજ્ઞાનના અધ્યાપકની જગા ખોલવામાં આવી. પણ આપણે તેઓને અહીં રાખી શકયા નહીં. ડેક્કન કોલેજમાં ભાષાવિજ્ઞાનીઓના મંડળમાં તેઓ અધ્યાપક તરીકે જોડાયા અને પછી દિલ્હી યુનિવર્સિટી ભાષાવિજ્ઞાન વિભાગના વડા તરીકે અવસાન સુધી સેવાઓ આપી

ભાષા વિજ્ઞાન આ સદીમાં છેલ્લાં દસકામાં એક મહત્ત્વની વિદ્યાશાખા તરીકે પ્રતિષ્ઠિત થયું છે. પૂનામાં ઉનાળા અને શિયાળામાં વર્ગો ચાલતા તે દ્વારા હિંદમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ અંગે જાગૃતિ કેળવાઈ તેમાં પ્રબોધભાઈનો મહત્ત્વનો ફાળો છે. વર્ગો અંગે મારા તંત્રીપદે ચાલતા માસિક 'સંસ્કૃતિ'માં નોંધ મૂકવા સૂચવ્યું. ગુજરાતી અભ્યાસીઓએ સારો પ્રતિભાવ પાડ્યો તેનો આનંદ વ્યક્ત કરતાં હતા. જ્યૂલ બ્લોકના અવસાન વખતે એમણે ઉષ્માભરી નોંધ આપી અમે સહાધ્યાપક હતા ત્યારે હું એમને વિનવું કે, ગુજરાતીમાં ભાષા વિજ્ઞાનના તત્ત્વોની તમારી સમજ પ્રચારવા-પ્રસારવા માટે 'સંસ્કૃતિ'નો ઉપયોગ કેમ ન કરો? એમણે કેટલાક લેખો આપ્યા, જેમાંની સામગ્રી ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને 'ધ્વનિ પરિવર્તન' પુસ્તકમાં પ્રગટ થઈ છે. તે પુસ્તકને દેશની સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કર્યું, સાહિત્યનો વિશાળ અર્થ કરીને પુસ્તકની મૌલિકતાને કારણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આપેલા વ્યાખ્યાનો 'ભાષા વિજ્ઞાનના અર્વાચીન અભિગમો'માંની સામગ્રી પણ પછીથી "સંસ્કૃતિ"માં એમણે પ્રગટ કરવા આપી હતી. ૧૯૭૪માં વલ્લભ-વિદ્યાનગરમાં સાહિત્ય સંમેલનના વિભાગીય અધ્યક્ષ તરીકે આપેલું વ્યાખ્યાન પણ 'સંસ્કૃતિ'માં છપાયું છે, વ્યાખ્યાન વાંચવાને બદલે એમણે એની સમજાવટપૂર્વક રજૂઆત કરી. એ પ્રવચન એવું વિશદ અને સુરેખ બન્યુ કે, સાંભળનારાઓને એનો આસ્વાદ રહી ગયો છે. સંમેલનમાં ભાષાવિજ્ઞાનીનું વ્યાખ્યાન રસિક લેખાયું, રસિકતાના કોઈ પ્રયત્નો વિના જ નર્યા વિદ્યારસને કારણે.

ભાષા વિજ્ઞાનનો શુદ્ધ અભિગમ એ પ્રબોધભાઈની મુખ્ય લાક્ષણિકતા હતી. આપણે ત્યાં તો વ્યુત્પત્તિ, ફિલોલોજી, એવા રૂપે પ્રાથમિક દશામાં એનું અધ્યયન હતું. અનેક જાળાં પણ હોય જ. પ્રબોધભાઈની પ્રતિભા અવાંતર વસ્તુઓમાં ગુંચવાઇ ગયા વગર વૈજ્ઞાનિક તથ્યને પકડવામાં પ્રગટ થતી. એમની નજર મૂલગામી હતી. આ વૈજ્ઞાનિકોના ઉચ્ચાગ્રહને લીધે એમને હાથે જેટલું કામ થયું છે તે સંગીન કોટીનું થયું છે અને એમની દ્વારા ભાષા વિજ્ઞાન ક્ષેત્રમાં જે જે અધ્યાપન-આયોજન આદિ સેવાઓ મળી તે બધી જ તે વિદ્યાનો દેશમાં સંગીન પાયો નંખાય એમાં મોંઘો ફાળો આપી શકી છે. ગ્રંથોના ગ્રંથો લખ્યા કરતાં એક બરોબર પેપર (અભ્યાસ નિબંધ) આપે અને જ્ઞાનની સીમાઓ વિસ્તારે તે વિદ્વાન-એ વ્યાખ્યાનો અર્થ ડૉ. પ્રબોધ પંડિત જેવાઓના દાખલાથી સમજાતો. અમેરિકાના પ્રસિદ્ધ સામયિક 'લેન્ગ્વેઈજ' આદિમાં એમના પેપરો પ્રગટ થતાં. જનજીભે બોલાતી ભાષાના સાક્ષાત અનુ-ભવની ભૂમિકા ઉપર ઊભા રહી પાછે પગલે તપાસ આદરવાની અને નહીં કે શબ્દનું અમુક રૂપ હતું. તેમાંથી અમુક નિયમને કારણે અમુક નવું રૂપ થયું એ રીતે ભૂતકાળમાંથી વર્તમાન તરફ આવવાની એમની પદ્ધતિનો 'એ' અને 'ઓ' અંગેના અને અન્ય લેખોમાં ખ્યાલ મળે છે. એમની નજર આગળ સતત વૈજ્ઞાનિક આદર્શ રહેતો. નેહરૂ સ્મારક વ્યાખ્યાન આપવા આવેલા આચાર્ય ચોમ્સ્કી સાથે બીજા દિવસના જાહેર વ્યાખ્યાન પછી પ્રબોધભાઈને ત્યાં પાર્ટીમાં ચર્ચાઓ થઈ ત્યારે પ્રબોધભાઇ મને કહે 'ચોમ્સ્કી ભાષા વિજ્ઞાનના આઈન્સ્ટઇન છે'

ડૉ. પ્રબોધભાઈની બીજી લાક્ષણિકતા તે સાચા વિદ્યાર્થીને શોધી કાઢવામાં રહેલી હતી. ગુજરાતી યુનિવર્સિટીમાં એ આવ્યા. અને એમની વિદ્યા માટેનુ વાતાવરણ શૂન્ય જેવું હતું. તેઓ એવું નીપજે એ સ્થિતિ હતી. પણ થોડા વખતમાં જ એમણે રંગ જમાવી દીધો. ગુજરાતી સાહિત્ય ભણવા આવેલા વિદ્યાર્થીઓમાંથી ભાષા વિજ્ઞાનનો સ્વાદ વળગ્યો. તેઓની પાસે દીક્ષા લેનારાઓમાં બેન મૃદુલા એડનવાલા આગળ વધી હાલ અમેરિકામાં ભાષા વિજ્ઞાનનું અધ્યાપન કાર્ય કરે છે. ભાઇ શાંતિલાલ આચાર્ય ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક છે અને ચાલુ એમનું આ વિષયમાં કંઇને કંઇ પ્રદાન થતુ રહે છે, ભાઇ યોગેન્દ્ર વ્યાસ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કરે છે પાછળથી સંપર્કમાં આવેલા ડૉ. દયાશંકર જોશી પૂનામાં ભાષા વિજ્ઞાનના રીડર છે.

ત્રીજી એમની લાક્ષણિકતા તે વ્યાપક સંસ્કારિતા અને મૈત્રીભાવની હતી. બીજા વિષયોના અભ્યાસીઓ સાથે એમનો મૈત્રી સંબંધ ગાઢ હતો. અનેક વિદ્યા વિષયોમાં જ નહીં, વ્યવહારની અને

(અનુસંધાન પાના નં. ૩૪ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘ દૃષ્ટિ બદલો ’

—: લેખક :—

મનસુખલાલ તારાચંદ મહેતા

ગયા ઓકટોમ્બર માસમાં શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના કેટલાક સભ્યો સાથે સંસ્થાના કાર્ય અર્થે મહુડી જવાનું બન્યું, કારણ કે આચાર્યશ્રી સુબોધસાગરસૂરિજી સાથે સંસ્થાને અંગે કેટલીક ચર્ચા કરવાની હતી. અમે રાતના મહુડી પહોંચ્યા અને શાંતિપૂર્વક સૂઇ રહ્યાં વહેલી સવારના ચાર વાગે તો ઉપરના ભાગમાં આચાર્યશ્રી પોતે શિષ્યોને વાચના આપી રહ્યાં હતાં. સવારના પૂજા સેવા કરી અમે આચાર્યશ્રીને વાંદવા ગયા. અનેક ભાઇઓ તથા બહેનો ત્યાં વંદનાર્થે અને વાસક્ષેપ નખાવવા આવતા હતા.

અમે ત્યાં બેઠા હતા તેવામાં આચાર્યશ્રીના દર્શન અર્થે અમદાવાદથી એક દંપતી આવ્યું અને ઉઠતી વખતે અમુક તિથિના દિવસે બ્રહ્મચર્યની બાધા આપવા માટે આચાર્યશ્રીને વિનતિ કરી. આચાર્યશ્રીએ તેઓની સામે જોઇ માત્ર બે જ શબ્દો કહ્યાં “ દૃષ્ટિ બદલો. ” શબ્દ તો માત્ર બે જ હતા, પણ તેની પાછળ રહેલો ઉપદેશ અતિ અતિ ગંભીર હતો.

ઇ. સ. ૧૯૫૮માં પૂ પંન્યાસશ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજના સાંનિધ્યમાં પર્યુષણ કરવા હું સુજાલપુર ગયો હતો. ત્યાં એક દંપતીએ દરેક માસે એક પખવાડિયા માટે બ્રહ્મચર્ય વ્રત પાળવાના હાથ જોડ્યા. મનમાં મને અચંબો, અજાયબી અને થોડી મૂંઝવણ પણ થઇ. આવી બાધામાં, આ દંપતીએ દરેક માસે એક પખવાડિયા માટે અમુક અંશે દુઃખકર–દુષિત વૃત્તિથી દૂર રહેવાનો અને એક પખવાડિયું એવી વૃત્તિથી અલગન રહેતા–વૃત્તિને સંતોષવાની છૂટ રાખી. અલબત્ત, આ વૃત્તિ તે અબ્રહ્મ–મૈથુન. આનો અર્થ એ થયો કે એક પખવાડિયું મૈથુન વૃત્તિનું દમન કરવું અને બીજે પખવાડિયે એવા દમનથી મુક્ત રહેવું. પણ આવી રીતની બાધાથી મૈથુન વૃત્તિનો કાંઇ મૂળમાંથી નાશ નથી થતો. શ્રી કૃષ્ણમૂર્તિએ તેમના એક વ્યાખ્યાનમાં કહેલું કે, “ ઉપેક્ષા કે બચાવ ન કરતાં વૃત્તિને પ્રગટ થવા દેવી જોઇએ, અને એનું શાંત-નિર્લેપ અવલોકન કરવું જોઇએ. એવા નિર્લેપ અવલોકનથી જ વૃત્તિમાં રહેલી બાબતો સમજાય છે અને એ અવલોકન ચેતનાના ઊંડા પડ સુધી ઊતરતાં વૃત્તિની સમગ્ર સમજ, લાગણી પૂર્ણ સમજ થાય છે અને એ વૃત્તિ આપોઆપ નષ્ટ થાય છે. એને નષ્ટ કરવી પડતી નથી. વૃત્તિઓની આવી સમજણ એ જ સદ્‌ગુણ છે.”

વૃત્તિને પરિશુદ્ધ કરવામાં આચાર્યશ્રીએ જે બે શબ્દો કહ્યાં કે ‘ દૃષ્ટિ બદલો ’ એ ભારે મહત્ત્વના છે. દૃષ્ટિ બદલાય એટલે વૃત્તિમાં આપોઆપ પરિવર્તન થાય. વિજય શેઠ અને વિજયા શેઠાણીએ લગ્નની પ્રથમ રાતે જ્યારે જાણ્યું કે તેઓમાંથી એકને અજવાળિયા પખવાડિયાનું અને બીજાને અંધારિયા પખવાડિયાનું બ્રહ્મચર્ય વ્રત છે, ત્યારે બંનેમાંથી કોઈ ને જરા પણ આઘાત કે દુઃખની લાગણી ન થતાં ઉલટો આનંદ જ થયો હતો. એક બીજા એક બીજા માટે ભોગનું પાત્ર છે, એ વૃત્તિ જ આપોઆપ નષ્ટ થઇ ગઈ. ભોગ એ રોગનો જ પર્યાય શબ્દ છે, એમ સમજનારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંનેને એવા રોગથી બચી ગયાનો માત્ર આનંદ જ પ્રાપ્ત થયો. પતિની દૃષ્ટિ બદલાય અને પત્ની પ્રત્યે જો માતાના ભાવ જાગ્રત થાય તો, પછી ત્યાં અબ્રહ્મ સેવનની વાત જ કયાં રહે છે? તાત્ત્વિક દૃષ્ટિથી જોઈએ તો માતા અને પત્નીના દેહ વચ્ચે ભેદ પણ કયાં છે? સ્ત્રી અને પુરુષના આત્મા વચ્ચે કોઈ ભેદભાવ હોતો નથી. ભેદ માત્ર દેહમાં છે જે અનિત્ય અને નાશવંત છે. પરમ પુરુષ શ્રી રામકૃષ્ણ તેમના પત્ની શારદામણિને માતારૂપે જોતાં અને કહેતાં કે, "અમારા દૈહિક લગ્ન નથી, આત્મિક લગ્ન છે. અમારો આનંદ આત્માનંદ."

વૃક્ષના પાંદડામાં જેમ રેખાઓ છે અને અગ્નિમાં જેમ ઉષ્ણતા છે, તેમ આત્માની સાથે વાસના પણ સંલગ્ન છે. લોખંડ એ મુલાયમ ધાતુ નથી, છતાં તેને અગ્નિમાં તપાવીને જેવો ઘાટ આપવો હોય તેવો આપી શકાય છે. માણસ પણ સદ્ગુણો અને દુર્ગુણોનું મિશ્રણ છે. બીજી વૃત્તિઓ નષ્ટ કરવી એ શકય છે, પણ કામવાસના એક એવી વાસના છે કે જે માત્ર દમનના માર્ગે નષ્ટ કરી શકાતી નથી. એમ કરવાથી એ વૃત્તિ મૂળમાંથી નષ્ટ ન થતાં કોઈ નવા સ્વરૂપે પ્રકટ થતી હોય છે. પ્રાથમિક અવસ્થામાં-શરૂઆત માટે બાધા, પ્રતિજ્ઞા, વ્રત, નિરાહાર વિ. જોકે મદદ કરી શકે, છતાં મૂળમાંથી આ વૃત્તિનો નાશ તો ત્યારેજ થાય છે કે જ્યારે બ્રહ્મચર્ય સાધક, નારી માત્રમાં માતાનું સ્વરૂપ જોતો થઈ જાય. દેહદૃષ્ટિએ (સ્થૂલ) બ્રહ્મચર્યનું પાલન શકય છે, પણ મન-વચન-કાયાથી પાલન થતાં બ્રહ્મચર્યનેજ આપણા શાસ્ત્રોએ શુદ્ધ બ્રહ્મચર્ય તરીકે સ્વીકાર્યું છે. પૂ. ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં (૭-૧૧) **મૈથુનમબ્રહ્મ** નું સૂત્ર આપેલું છે, ત્યાં મૈથુનનો સાચો અર્થ 'કામરાગ જનિત કોઈપણ પ્રકારની ચેષ્ટા' એવોજ કરવામાં આવ્યો છે. શુકદેવજીના સંબંધમાં કહેવાય છે કે તેમની દૃષ્ટિ એટલી હદે આત્માભિમુખ થઇ ગઇ હતી કે દરેક સ્ત્રી પુરુષમાં તેઓ માત્ર આત્માનું તત્ત્વજ જોતાં. સંસારથી અલિપ્ત અને નિર્લેપ એવા શુકદેવજીને પિતાએ જનકરાજાને ત્યાં મોકલ્યાં હતાં, એવા હેતુથી કે જનકની જીવનચર્યા જોઈ તેઓ પણ સંસારમાં પડવા લલચાય. શુકદેવજી જનક રાજાને ત્યાં હતા તેવામાં એક વખત નૈષ્ઠિક બ્રહ્મચારી અને ભક્તિ માર્ગના આચાર્ય શ્રી નારદજી ત્યાં પધાર્યા. જનકરાજા ભારે ચકોર અને વિચક્ષણ હતા. તેમને વિચાર થયો કે નારદજી અને શુકદેવજી બંને વિશુદ્ધ બ્રહ્મચારી તો છે, પણ આ બંનેમાંથી ઉત્કૃષ્ટ કોટિનું બ્રહ્મચર્ય કોનું હશે? આવી બાબતમાં સ્ત્રી જે રીતે પુરુષની પરીક્ષા કરી શકે છે, તેવી પુરુષથી થઈ શકતી નથી, એટલે રાજાએ આ પરીક્ષાનું કાર્ય તેની રાણી સુનયનાને સોંપ્યું. રાણીએ બંને બ્રહ્મચારીઓને પોતાના મહેલે આવવાનું આમંત્રણ આપ્યું અને હીંડોળા પર બેસાડ્યા. તે પછી સ્નાન કરી અલંકારો સજી સુનયના ત્યાં આવીને એકાએક બંનેની વચમાં બેસી ગયા. નારદજીને સંકોચ થયો કે ગમે તેમ તો પણ આ એક નારી છે, અને મને તેના કપડાંનો પણ સ્પર્શ થાય તો વિકારને કારણ આપવા જેવું થાય. તેથી સુનયનાથી ખસીને તેઓ જરા દૂર બેઠાં. શુકદેવજીને તો આવીને બેસી જનાર સ્ત્રી છે કે પુરુષ, તેનું ભાન પણ નહોતું. રાજાને પોતાનો નિર્ણય જણાવતાં સુનયનાએ કહ્યું કે ઉત્કૃષ્ટ કોટિનું બ્રહ્મચર્ય તો શુકદેવજીનું છે. તેના મનમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઇ પ્રકારનો ભેદ નથી, અને આવી દૃષ્ટિ પ્રાપ્ત થયા વિના સાધક આત્માભિમુખ બની શકતો નથી*.

ઇન્દ્રિયોને બુઠ્ઠી કરી નાખવાથી અગર અકુદરતી રીતે તેને અશકત બનાવી તેના પર કાબૂ મેળવવાનો માર્ગ પણ ખોટો છે. સ્વરૂપવાન સ્ત્રી જોતાં સુરદાસજીનું મન વિકૃત બની જતું. પોતે આત્માર્થી

* આ પ્રસંગ પૂ. ડોંગરેજી મહારાજે તેમના 'શ્રીમદ્ ભાગવત રહસ્ય' ગ્રંથમાં આપેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતા અને સમજતા હતા કે આ પરિસ્થિતિ ભારે દુઃખદ છે. એટલે રૂપ નજરે જ ન પડે એ હેતુથી તેમણે જાતે પોતાના બંને ચક્ષુઓ ફોડી નાખ્યા. પરંતુ અંધ થયા પછી પણ પેલું શેતાની મન તો અંદર બેઠેલું જ હોય છે. કર્મબંધ તો ક્રિયાથી તેમજ મન દ્વારા પણ થઇ શકે છે. તાંદુલિયો મચ્છ અધમ વિચારના કારણે પણ સાતમી નરકનું આયુષ્ય બાંધી શકે છે. 'દૃષ્ટિ બદલો'નો તાત્ત્વિક અર્થ પણ એજ છે, કે મનનું શુદ્ધિકરણ કરી તેનું સાચામાર્ગે પરિવર્તન કરો. ઇન્દ્રિયોનો દોષ નથી હોતો, કારણ કે તે તો મનની દાસીઓ છે. મૌન રાખવા માટે ઘણા હોઠ સીવી લે છે, પણ આ રીતે વર્તવામાં ઇન્દ્રિયોનો દુરુપયોગ છે, ઇન્દ્રિયો પર અત્યાચાર છે. વેદ, ઉપનિષદમાં ઋષિઓએ આત્માને ઇન્દ્રની ઉપમા આપી છે અને ઇન્દ્રિયોને ઇન્દ્રાણીઓની ઉપમા આપી છે. इन्द्रो वै आत्मा. જેમ નદી પાર કરવા માટે હોડી સહાયરૂપ છે, તેમ ભવસાગર રૂપી સમુદ્રની પાર જવા ઇન્દ્રિયો પણ સહાયરૂપ છે. અલબત્ત, આ ઇન્દ્રિયોનો દુરુપયોગ નહીં પણ સદુપયોગ થવો જોયએ. એ માટે મનને તૈયાર કરવું જોઇએ. તેથીજ શ્રીમદ્ આનંદઘનજીએ કહ્યું છે કે, 'મન સાધ્યુ તેણે સઘળું સાધ્યું.' પરંતુ જન્મ-જન્માંતરની કઠોર સાધના પછી જ મનને વશ કરી સકાય છે. અનેક જન્મોનાં જે દુષ્ટ અને અધમ સંસ્કારો મન પર પડેલાં હોય છે, તેનું શુદ્ધિકરણ કર્યા વિના 'મન'સાહેબ એમ સહેલાયથી વશ થતાં નથી, એ વાત નિરંતર ધ્યાનમાં રાખવી જોઇએ.

મહત્ત્વની વસ્તુ એ છે કે જે કોઇ ક્રિયા કરવામાં આવે તે સ્વસ્થ અને પ્રસન્ન ચિત્તે થવી જોઇએ. એમ થાય તોજ તેનું સંપૂર્ણ અને યથાર્થ ફળ મળે. મોટા ભાગના દુઃખો કર્મજન્ય નથી હોતા, પણ આપણી દોષિત દૃષ્ટિના કારણે જ વહોરી લીધેલા હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં મોક્ષ પદ પામેલાં કપિલમુનિના પૂર્વ જીવનની એક વાત આવે છે. માતાપિતાએ કપિલને શ્રાવસ્તી નગરીમાં અભ્યાસ અર્થે મોકલ્યાં હતાં. ત્યાં ભોજનશાળાની એક દાસી સાથે પ્રેમમાં પડી ગયા, પણ પૈસા ન મળે. દાસી સાથે લગ્ન કર્યા અને બાળકને જન્મ-વાનો પ્રસંગ નજીક આવ્યો. પત્નીની પ્રેરણાથી, ત્યાંનો રાજા જે પ્રતિદિન પ્રાતઃકાલમાં પ્રથમ આશીર્વાદ આપવા આવે તેને સોના મહોર આપતા, તેની પાસે જઈ પહોંચ્યા. રાજાને કપિલની બધી વાત સાંભળી દયા આવી અને ઇચ્છા મુજબ માંગી લેવા કહ્યું. કપિલ વિચારમાં પડ્યાં કે શું માંગવું? પ્રથમ તો સોના મહેરો, પછી વિપુલ પ્રમાણમાં સોનું, પછી અર્ધું રાજ્ય અને છેલ્લે સમગ્ર રાજ્ય જ માગી લેવા મનમાં વિચાર કર્યો. પણ ત્યાં દૃષ્ટિનું પરિવર્તન થયું અને લાગ્યું કે રાજા ઘઇશ તો આજુબાજુના મોટા રાજ્યો મારું રાજ્ય જીતી લેશે. પછી મનોમંથનને અંતે લાગ્યું કે બધું જ નકામું છે, દુઃખરૂપ છે, માત્ર બહારથી જ સુખરૂપ ભાસે છે. ભોગોનું પરિણામ અંતે તો રોગ અને દુઃખ જ છે, સાચું આત્મિક સુખ તો ત્યાગ-તપ-સંયમમાંજ છે. આમ દૃષ્ટિનું શુદ્ધિકરણ થતાં, પછી કશું ન માંગતાં ત્યાગ-તપ-સંયમનો માર્ગ લઈ લીધો. આ રીતે, સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય તોજ માણસ સાચું સુખ પ્રાપ્ત કરી શકે. આપણો જીવ અનાદિકાળથી રઝળપાટ કરે છે અને જન્મ મરણના ચક્રમાંથી મુક્ત નથી થતો, તેનું મુખ્ય કારણ આપણી દોષિત દૃષ્ટિ છે. વિષય કષાયોની વિવિધ પ્રવૃત્તિમાંથી આપણે મુક્ત નથી થઈ શકતાં, કારણકે અનાદિકાળથી આવી પ્રવૃત્તિઓમાં આપણે સુખ માની બેઠાં છીએ. મૃગજળ માફક બધી છેતરપિંડી જ છે ને! ઇન્દ્રિયોને વિષયોથી દૂર રાખી સંયમ પાલન કઠિન નથી, પણ વિષયોનું સ્વરૂપ સમજી લઇ તેના રસનો પણ સદંતર નાશ થવો જોઇએ. આ સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, સૂતેલા સર્પની માફક જૂનાં સંસ્કારો કોઈ નિમિત્ત મળતાં જાગી ઊઠે છે.

દૃષ્ટિ બદલાયા પછી પણ પૂર્વ સંસ્કારો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણા પર હુમલો કરે છે અને પરિણામે પેલી સર્પના ડ્રાફ્ટની રમત માફક ઠેઠ ઊંચે ચડ્યાં પછી ખીણમાં ફેંકાઈ જવું પડે છે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ત્યાગ–તપ–સંયમનો માર્ગ ગ્રહણ કરી ભીષણ તપ આચર્યું. પણ ત્યાં એક ક્ષુદ્ર નિમિત્ત મળતાં પૂર્વ સંસ્કારો જાગ્રત થાય. તેના રાજના પ્રધાનો પર મનમાં તિરસ્કાર ઉત્પન્ન થયો અને ભાવ યુદ્ધ મનમાં શરૂ થયું. એક પછી એક બાણ ભાથામાંથી છોડવા લાગ્યા. બાણો ખલાસ થતાં માથાના મુગટનો ઉપયોગ કરવા જ્યાં મસ્તકે હાથ ગયો, ત્યાં તો મુંડન કરાવેલું માથું હતું. તુરત જ સાચું ભાન થયું અને પશ્ચાત્તાપ થતાં તે જ સ્થળે કેવળજ્ઞાન થયું.

માત્ર ઉપલકિયા દૃષ્ટિએ નહીં, પણ વિષય-કષાયોનો મૂળમાંથી જ નાશ થવો જરૂરી છે. વિષયકષાયોનો અને રસવૃત્તિનો જ્યાં સુધી મૂળ-માંથી જ નાશ નથી થતો, ત્યાં સુધી એવા માણસનાં ભાગ્યમાં એકાન્તે દુઃખ અને સંતાપ જ લખાયેલાં છે. સુખનો અનુભવ જે લાગે છે તે તો આપણો નર્યો ભ્રમ જ છે, અગર તો પછી સાચું શું? તેનું આપણને ભાન નથી. જન્મ અને મરણ પ્રાપ્ત કર્યા જ કરવા, સંયોગ અને વિયોગની ઘટમાળ અનુભવ્યા જ કરવી, એથી વિશેષ દુઃખ બીજું શું હોઈ શકે? અભ્યાસ અને પુરુષાર્થના માર્ગે આપણે આપણી દૃષ્ટિનું પરિવર્તન કરી શકીએ છીએ. આત્મામાં અનંત શક્તિઓ છે, કશું જ અશક્ય નથી, પણ તે માટે આપણી પૂર્ણ તૈયારી હોવી જોઇએ. નરક, સ્વર્ગ અને મોક્ષ એ બધું આપણે જાતે જ આપણા માટે ઉત્પન્ન કરીએ છીએ, એ ગતિમાં કોઇ અન્ય આપણને ધકેલી શકતું નથી, સિવાય કે આપણા પોતાના જ કર્મો. તેથી જ ઉત્તરાધ્યયન સૂત્ર (અ૦ ૨૦-૩૧)માં કહ્યું છે કે:–

**अप्पा नई वेयरणी अप्पा मे कूड सामली ।**
**अप्पा कामदुहा वेणु, अप्पा मे नन्दनं वणं ॥**

આપણો આત્મા જ નરકની વૈતરણી નદી અને કૂટ શાલ્મલી વૃક્ષ છે, આત્મા જ સ્વર્ગની કામ દુધા ધેનૂ તથા નંદનવન છે; અર્થાત્ દુષ્ટ આત્મા નરક જેવો છે અને શુદ્ધ થયેલો તે જ આત્મા સ્વર્ગ જેવો છે.

---

(અનુસંધાન પાના નંબર ૩૦ નું ચાલુ)

સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક જીવનની અનેક બાબતોમાં એ ઉંડો રસ લેતા. ૧૯૩૦-૩૨ની લડત વખતે પિતાજી જેલમાં ગયેલા ત્યારે તો એ બાળક હતા. પણ ૧૯૪૨ની લડત દરમ્યાન ગાંધીજીના અપવાસ વખતે પૂના જઈને પકડાયા. સામાજિક પ્રશ્નો અંગેના એમના નિરીક્ષણો હંમેશા વિચારપૂર્વકના અને ઊંડાણવાળા જોવા મળતાં. સાંસ્કૃતિક રસ ઘણો હતો. ગયે મહિને યુનિવર્સિટીથી ઘણે દૂર 'ચાણક્ય' સિનેમા-ઘરમાં પ્રબોધભાઈ, ધીરુબેન ને અચાનક યશવંતભાઈ શુકલ આવેલા તે અને હું મળી ગયા 'હિટલર' ચિત્ર જોવામાં, એ છેલ્લુ મળવાનું હતું. એનો તો ખ્યાલ જ ક્યાંથી હોય! દિવાળી પછી સંગીતના કાર્યક્રમો હતા. તેમાંથી સાંભળવા ન જઈ શકાય તે રેડિયો ઉપર તેઓ સાંભળતા અને શ્રી. ધીરુબેન અર્ધું સાંભળ્યા વગર સૂઈ ગયા તો બીજે દિવસે કહેઃ તારે માટે એ ભાગ મેં ટેઇપ કરી રાખ્યો છે. સ્વજનો અને વિદ્યાર્થીઓ પ્રત્યે આ વિદ્વાનમાં કોમળ લાગણી હતી.

એક જગતમાન્ય મેધાવી વિદ્વાન અને સંસ્કારી સજ્જનથી અકાળ વિદાયથી આપણું જીવન અલૂણું બન્યું છે. એમના અનેક પેપરો, વ્યાખ્યાનો, નોંધો, અન્ય લખાણો, યોજનાઓ અંગે જાણકાર મિત્રો અને શિષ્યો બધી માહિતી એકત્ર કરી એને સાચવવા અને અભ્યાસીઓના ઉપયોગમાં સુલભ કરવા માટે ઘટતું કરશે અને વિદ્વત-સંસ્થાઓની એ કાર્યમાં મદદ મળશે એવી આશા રાખીએ. એમનો તરુણપ્રભ ઉપરના મહાનિબંધનું છાપકામ અધૂરું છે તે પૂરું થઈ, ભારતીય વિદ્યાભવન તરફથી સત્વરે એ પ્રકાશિત થાય એમ ઇચ્છીએ.

વૃદ્ધ માતાપિતા પં. બેચરદાસજી અને અજવાળી-બેનને અને વિદુષી પત્ની બેન ધીરૂ બેનને કોણ આશ્વાસન આપી શકે? બાળકો પાસે એજ વિદ્યા તેજનો વારસો છે તે ખીલે અને પ્રબોધભાઇ જેવા આ ભૂમિમાં વિદ્વાનો પાકે એ જ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંક
# કૅશ સર્ટિફિકેટ

ખરીદીને હવે ૨૦ વર્ષમાં
આપનાં નાણાં
**સાતગણાં**થી
અધિક કરો !

**રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને**
**રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.**

| મુદત | વેચાણ કિંમત | પાકતી મુદતે મળનારી રકમ |
|---|---|---|
| ૨૦ વર્ષ | રૂ. ૧૩.૬૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૧૩૬.૪૬ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૬૮૨.૩૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૧,૩૬૪.૬૨ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૬,૮૨૩.૦૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૧૩,૬૪૬.૧૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૫ વર્ષ | રૂ. ૨૨.૪૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૨૨૪.૫૨ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૧૨૨.૬૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૨,૨૪૫.૨૧ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૧,૨૨૬.૦૭ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૨૨,૪૫૨.૧૩ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૦ વર્ષ | રૂ. ૩૬.૯૪ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૩૬૯.૪૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૮૪૭.૦૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૩,૬૯૪.૦૭ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૮,૪૭૦.૩૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૩૬,૯૪૦.૭૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| વર્ષ | રૂ. ૫૫.૦૨ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૫૫૦.૧૮ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૨,૭૫૦.૮૯ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૫,૫૦૧.૭૮ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૨૭,૫૦૮.૯૯ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૫૫,૦૧૭.૭૮ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૬૧ મહિના | રૂ. ૬૦.૨૮ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૦૨.૭૭ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૦૧૩.૮૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૦૨૭.૬૬ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૦,૧૩૮.૨૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૦,૨૭૬.૫૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૪ વર્ષ | રૂ. ૬૯.૮૬ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૯૮.૬૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૪૯૩.૦૭ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૯૮૬.૧૪ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૪,૯૩૦.૭૧ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૯,૮૬૧.૪૧ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ | રૂ. ૭૬.૪૧ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૭૬૪.૧૫ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૮૨૦.૭૪ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૭,૬૪૧.૪૯ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૮,૨૦૭.૪૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૭૬,૪૧૪.૯૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લોન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી થનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩

Ratan Batra/DB/G/278


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૦ આસો વદી

| ફંડો અને જવાબદારીઓ | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ** :-(ઘસારા, સીકીંગ, રીઝર્વ ફંડ ઇ.) | | | |
| શ્રી ફંડના પરિશિષ્ટ મુજબ | | | ૧,૫૩,૫૧૫-૫૭ |
| શ્રી પુસ્તક પ્રકાશન ફંડ | ૧૧૪૨૨-૫૦ | | |
| ઉમેરો આવક ખર્ચ ખાતેથી ટ્રાન્સફર | ૮૦૦-૦૦ | | |
| | ૧૨૨૨૨-૫૦ | | |
| બાદ શ્રી મુક્તિ કેળવણી ખાતે લઈ ગયા | ૧૦૦૦-૦૦ | | |
| | | ૧૧૨૨૨-૫૦ | ૧૧,૨૨૨-૫૦ |
| **જવાબદારીઓ :** | | | |
| ખર્ચ પેટે | | ૨૨૦૪-૩૮ | |
| અગાઉથી મળેલી રકમો પેટે | | ૬૨૪૨-૯૫ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે | | ૯૬૨-૦૦ | |
| અન્ય જવાબદારીઓ | | ૧૨૯૮૭-૯૫ | |
| | | | ૨૨,૩૯૭-૨૮ |
| કુલ રૂા. | | | ૧,૮૭,૧૪૫-૩૫ |

ઉપરનું સરવૈયું મારી/અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ટ્રસ્ટીની સહી : શાહ જાદવજી ઝવેરભાઈ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલ્કત** : ગઈ સાલની બાકી | ૧,૦૧,૮૨૧-૮૦ | ૧,૦૧,૮૨૧-૮૦ |
| **રોકાણો** : સીકયોરીટીઝ : શ્રી મહાલક્ષ્મી મીલના શેર | ૨૦૦-૦૦ | ૨૦૦-૦૦ |
| **ડેડસ્ટોક અને ફરનીચર** : ગઈ સાલની બાકી | ૪૨૩૫-૦૦ | ૪૨૩૫-૦૦ |
| **સ્ટોક** : પુસ્તક સ્ટોક | | ૮૭૭૪-૯૩ |
| ઉધાર ફંડના પરિશિષ્ટ મુજબ | | ૬-૧૩ |
| **એડવાન્સીઝ** : ભાવનગર ઇલેકટ્રીક કું. | | ૫૫-૦૦ |
| નોકરોને | ૮૦૨-૩૦ | |
| પુસ્તકો તૈયાર કરવા માટે | ૫૪૫૯-૮૮ | |
| બીજાઓને | ૧૮૯૮-૬૪ | ૮૧૬૦-૮૨ |
| **વસુલ નહિ આવેલી આવક** : ભાડું | ૨૧૬૨-૫૭ | |
| બીજી આવક | ૫૦-૦૦ | ૨૨૧૨-૫૭ |
| **રોકડ તથા અવેજ** : | | |
| (અ) બેંકમાં ચાલુ ખાતે | ૧૯૫૪૩-૪૮ | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે સ્ટેટ બેંક તથા દેના બેંક | ૪૦૩૫૬-૫૩ | |
| બેંકમાં ફીકસ્ડ ડીપોઝીટ ખાતે દેના બેંક | ૪૮૨-૬૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે, નામ ભીખાલાલ ભીમજી પોસ્ટની ટીકીટ | ૪૯૧-૩૧ | ૬૦૮૭૪-૪૨ |
| **ઉપજ ખર્ચ ખાતું** : ગઈ સાલની બાકી ઉધાર | ૯૮૪-૬૮ | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના ઉપજ ખર્ચ ખાતા મુજબ | ૨૦૦-૫૮ | ૭૮૪-૧૦ |
| સરવૈયા ફેરના | | ૨૦-૦૮ |
| **કુલ રૂા.** | | ૧,૮૭,૧,૪૫-૩૫ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

તા. ૧૨-૭-૧૯૭૫
ભાવનગર

Sanghvi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૦ના આસો વદી અમાસના રોજ પૂરા

| આવક | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| ભાડા ખાતે : ( લેણી / મળેલી ) : | | ૭૩૬૮–૦૦ |
| વ્યાજ ખાતે : ( લેણી / મળેલી ) : | | |
| બેન્કના ખાતા ઉપર : | ૩૪૧૬–૫૬ | ૩૪૧૬–૫૬ |
| ડીવીડન્ડ : | | |
| દાન : રોકડ અથવા વસ્તુરૂપે મળેલ : | | ૫૬૧–૦૦ |
| બીજી આવક : | | |
| પસ્તી વેચાણ આવક : | ૧૬૧–૧૦ | |
| જાહેર ખબર આવક : | ૪૫૦–૦૦ | |
| વાર્ષીક મેમ્બર ફી : | ૨૦ ૦૦ | |
| અનામત પુસ્તક વેચાણ : | ૪૫૯–૫૫ | |
| પુસ્તક વેચાણ નફો : | ૯૦૪–૩૦ | |
| અન્ય આવક : | ૧–૨૫ | ૧૯૯૬–૨૦ |
| રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા : | | ૩૬૦૯–૦૦ |
| કુલ રૂા.... | | ૧૬૯૫૦–૭૬ |

ટ્રસ્ટીની સહી :–શાહ જાદવજી ઝવેરભાઇ

તારીખ ૧૨ જુલાઈ ૧૯૭૫

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## થતા વરસ માટે આવક ખર્ચનો હિસાબ

| ખર્ચ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **મિલ્કત અંગેના ખર્ચ :** | | |
| સંસ્થાના મકાન અંગેના : | ૨૩૮–૧૦ | |
| વીમો : | ૪૬૯–૨૦ | |
| | | ૭૦૭–૩૦ |
| **વહીવટી ખર્ચ :** | | ૪૦૪૫–૦૧ |
| **કાનુની ખર્ચ :** | | ૨૩૫–૦૦ |
| **ઓડીટ ફી :** | | ૧૨૫–૦૦ |
| **ફાળો અને ફી :** | | ૯૯–૬૮ |
| **માંડીવાળેલી રકમો :** | | |
| અન્ય લ્હેણા : | ૨૩–૧૫ | |
| | | ૨૩–૧૫ |
| **પરચુરણ ખર્ચ :** | | ૮૯૧–૬૪ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો :** | | ૨૭૮૮–૬૩ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનુ ખર્ચ :** | | |
| બીજા ધર્માદા હેતુઓ : | ૭૮૩૪–૭૭ | |
| | | ૭૮૩૪–૭૭ |
| **વધારો સરવૈયામાં લઈ ગયા તે :** | | ૨૦૦–૫૮ |
| કુલ રૂા... | | ૧૬૯૫૦–૭૬ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

Sanghvi & Co.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

જૈન સંઘ સમસ્તના પરમ ઉપકારી પૂજ્ય આચાર્યશ્રી નંદનસૂરીશ્વરજી વિ. સં. ૨૦૩૨ના માગશર વદી ૧૪ ને બુધવાર તા. ૩૧-૧૨-૭૫ના રોજ ધંધુકા પાસે તગડી મુકામે કાળધર્મ પામ્યાના સમાચારથી અમો ખૂબ જ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.

સ્વ. આચાર્યશ્રી જ્યોતિષશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રના પ્રખર અભ્યાસી અને જ્ઞાની હતા. નાનપણથી દિક્ષા લઈ ૬૨ વર્ષનો વિશુદ્ધ દિક્ષાપર્યાય પાળી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીએ જૈન સમાજ ઉપર તેમજ અન્ય સમાજ ઉપર ઘણા ઉપકાર કરેલા છે. જૈન સંઘની એકતા અને સંગઠ્ઠન બરાબર સચવાઈ રહે અને જૈન સંઘની એકતા નમૂના રૂપ બને તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા. તેઓશ્રીના જ્ઞાન, ધ્યાન અને વ્રતાદિ અન્યને દૃષ્ટાન્તરૂપ અને પ્રેરણા આપે તેવા હતા. તેમના સ્વર્ગવાસથી જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. અમો તેમના આત્માને ચિરશાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

# સ્વર્ગવાસ નોંધ

આગમના જ્ઞાતા પૂ. આચાર્યશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી બુધવાર તા. ૧૦-૧૨-૭૫ના રોજ કાળધર્મ પામ્યા, તે અંગે અમે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ.

સ્વ. આચાર્યશ્રી આગમશાસ્ત્રના સારા અભ્યાસી હતા. તેઓએ અનેક ધાર્મિક ગ્રંથોની રચના પણ કરી છે. તેઓ ઘણા શાન્ત અને સરળ સ્વભાવના હતા. તેમના આત્માને ચિરશાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

## શ્રી મૂળચંદજી મહારાજની પુણ્ય તિથિ

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ અંગે સંવત ૨૦૩૨ના માગશર વદિ ૧૧ રવિવાર તા. ૨૮-૧૨-૭૫ ના રોજ આપણી સભામાં લાઈબ્રેરી હોલમાં શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવી હતી. ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. શ્રી વૃદ્ધિચન્દ્રજી જૈન સંગીતકળા મંડળના કલાકાર ભાઈઓએ રાગ રાગણીપૂર્વક પૂજા-સ્તવનાદિ ગાઈને સારી જમાવટ કરી હતી પૂજામાં પતાસાની પ્રભાવના કરવામાં આવી હતી.

# સમાચાર સાર

## શ્રી૦ રતિલાલ દીપચંદ દેસાઇનું જાહેર સન્માન

પરમ પૂજ્ય મુનિશ્રી પદ્મસાગરજી ગણિવર્યની નિશ્રામાં, મહાવીર જૈન વિદ્યાલય મુંબઇના સેન્ટ્રલ હોલમાં શ્રી. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી શ્રી. રતિલાલ દીપચંદ દેસાઇનું તેમણે લખેલા 'ગુરુ ગૌતમ સ્વામી' ગ્રંથ અંગે સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ સુવર્ણચંદ્રક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એનાયત કરવામાં આવ્યો હતો. શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ એક સિદ્ધહસ્ત લેખક છે અને ગુરુ ગૌતમસ્વામીનો તેમનો ગ્રંથ ચારે તરફથી આવકાર પાત્ર બન્યો છે. ગુજરાતી ભાષામાં શ્રી ગૌતમસ્વામીના જીવન પર પ્રકાશ પાડતો આ સૌથી પ્રથમ સળંગ ગ્રંથ છે.

મંડળના પ્રમુખ સાક્ષર રત્ન ડૉ. શ્રી રમણલાલ શાહે સૌને આવકાર આપતાં આજના સમારંભનો ઉદ્દેશ અને મહત્ત્વતા સમજાવી હતી. સંસ્થાના એક ટ્રસ્ટી શ્રી. મનસુખલાલ મહેતાએ સન્માનનીય શ્રી. રતિલાલ દેસાઈનો પરિચય આપ્યો હતો. અન્ય વક્તાઓમાં જૈન સમાજના જાણીતા સેવાભાવી કાર્યકર શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, અમદાવાદથી આ સમારંભમાં ખાસ હાજરી આપવા આવેલા પંડિત શ્રી. દલસુખભાઈ માલવણિયા, પંડિત શ્રી ધીરજલાલ ટો. શાહ, મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, માલેગાંવવાળા જાણીતા જૈન કાર્યકર શ્રી. મોતિલાલ વીરચંદ, શીવપુરી પાઠશાળાના શ્રી. રૂપલાલભાઈ, તેમજ કચ્છથી પધારેલા પૂ. યતિશ્રી મુખ્ય હતા. શ્રી. રતિલાલ દેસાઈની વિધ વિધ ક્ષેત્રોની સેવાઓની સૌએ પ્રશંસા કરી હતી. સંસ્થાના પ્રમુખે શ્રી. રતિલાલ દેસાઈને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો હતો. શ્રી. મનસુખલાલ મહેતાએ શ્રી. દેસાઈને શાલ અર્પણ કરી હતી. સંસ્થાના મંત્રીઓ શ્રી. પોપટલાલ પાદરાકર તેમજ શ્રી. જયંતિલાલ દલાલે ભગવાન મહાવીરનું નાનું રંગીન આલ્બમ તેમજ ગૌતમસ્વામીનું ચાંદીનું પ્રતિક જે આબુરોડથી સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી સાથે રહેતા શ્રી. પન્નાબહેન તરફથી ભેટ આવેલ હતા, તે અર્પણ કર્યા હતા, સંસ્થાના ટ્રેઝરર શ્રી. પોપટલાલ ભાંખરીઆએ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવેલા યોગનિષ્ઠ સ્વ. આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી કૃત કેટલાક ગ્રંથો અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે અનેક સંદેશાઓ આવ્યા હતા જેનું વાંચન સંસ્થાના કાર્યકર શ્રી. હીરાલાલ જુઠાલાલ શાહે કર્યું હતું. અનેક સંદેશાઓમાં અમદાવાદથી પરમ પૂજ્ય આચાર્ય વિજયનંદન-સૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી દુર્લભસાગરસૂરિજી, મુંબઈથી પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ, આબુરોડથી પૂ. સાધ્વી શ્રી નિર્મલાશ્રીજી એમ. એ. પૂ. સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી, પૂ. સાધ્વીશ્રી સદ્ગુણાશ્રીજી તેમજ અન્ય સાધુઓ તેમજ સાધ્વીજીઓના મુખ્ય હતા. સભા સંચાલનનું કાર્ય તેમજ આભાર વિધિ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી. ગૌતમલાલ શાહે કર્યા હતા. શ્રી. રતિલાલ દેસાઈએ સન્માનનો જવાબ ગદ્ગદિત સ્વરે આપતાં ધાર્મિક શિક્ષણ, ધાર્મિક શિક્ષકો અને વિદ્યાર્થી બંધુઓને ઉદ્દેશી ઘણું મનનીય વક્તવ્ય કર્યું હતું.

પૂજ્ય મુનિશ્રી પદ્મસાગરજી ગણિવર્ય જેમની પ્રેરણા અને માર્ગદર્શનથી આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમણે પ્રસંગને અનુરૂપ પોતાનું વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

# પુસ્તક પરિચય

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ જીવન દર્શન : પાના ૮૦ + ૨૧૦ + ૫૦ = ૩૪૦ ક્રાઉન આઠ પેજી ૬૦થી વધુ તસ્વીરો મૂલ્ય રૂા. ૧૦ સંપાદકો શ્રી શાંતિકુમાર જે. ભટ્ટ શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતા, ડૉ. રમણલાલ સી. શાહ પી. એચ. ડી. ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી પી. એચ. ડી. પ્રા. કુમારપાળ દેશાઈ એમ. એ. પ્રકાશકો શ્રી જયંત એમ. શાહ અને શ્રી સુરેન્દ્ર એ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છેડા, મંત્રીઓ પંડિત શ્રી ધીરજલાલ શાહ સન્માન સમિતિ. પ્રાપ્તિસ્થાન પ્રજ્ઞા પ્રકાશન મંદિર, લધાભાઈ ગણુપત બિલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ નં. ૯ પ્રથમ આવૃત્તિ.

પ્રસ્તુત ગ્રંથ અત્યંત રમણીય સુશોભિત બનેલો છે. ગ્રંથના મુખ્ય ત્રણુ વિભાગો પાડવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં પંડિતશ્રીનો જીવન પરિચય અને તેના સાથે તેમના જીવનની મહત્ત્વ પૂર્ણ ઘટનાઓ દર્શાવતી સાલવારી, તેમણે રચેલા ૩૫૮ પુસ્તકોની વર્ગીકૃત યાદી તથા તેમણે અવધાન અને ગણિત સિદ્ધિના કરેલા પ્રયોગોની ક્રમિક યાદીઓ આપેલ છે. બીજા વિભાગમાં તેમના સાહિત્ય અને સંસ્મરણો સંબંધી બે લેખો આવ્યા છે, એકતો તેમના શૈશવ કાળનાં સંસ્મરણો અને બીજો 'પ્રવાસ દર્શન' આ વિભાગમાં પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી, પૂ. મુનિશ્રી યશોવિજયજી, પૂ. આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજી, પૂ. મુનિશ્રી નથમલજી, પૂ. સાધ્વી શ્રી નિર્મલા-શ્રીજી એમ. એ. તેમજ અન્ય સુપ્રસિદ્ધ સાક્ષાર રત્નોનાં લેખો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. ગ્રંથના ત્રીજા વિભાગમાં સંસ્કૃત પ્રશસ્તિઓનું સંપાદન તથા તેનો ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ છે. હિંદી પ્રશસ્તિઓનું ગુજરાતી ભાષાંતર આપવામાં આવેલ છે, તેમજ અંગ્રેજી પ્રશસ્તિઓ પણ સામેલ કરવામાં આવેલ છે. ગ્રંથની પડતર કિંમત રૂપિયા સત્તરની છે તથા પ્રચાર અર્થે તેનું મૂલ્ય પ્રકાશકોએ માત્ર દશ રૂપિયા જ રાખેલ છે.

## શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ શાહનુ અપૂર્વ સન્માન

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહના સન્માનનો એક સમારંભ તા. ૨૩-૧૧-૭૫ના બીરલા માતુશ્રી સભાગારમાં પદ્મશ્રી ઈન્દુમતી ચીમનલાલ શેઠના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જે વખતે "શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ જીવન દર્શન" નામનો ગ્રંથ ગુજરાતના પ્રધાન મંત્રી અને સમારંભના મુખ્ય મહેમાન શ્રી. બાબુભાઈ પટેલના હસ્તે તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દેશની જુદી જુદી ૧૧૧ સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓનાં ઉપક્રમે પંડિતશ્રીને એક સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સમારંભની સાથે મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સન્માનનો પ્રત્યુત્તર પંડિતશ્રીએ ગદ્દગદિત સ્વરે વાળ્યો હતો અને પોતાની સાહિત્ય સેવા અવિરતપણે ચાલુ રાખવાની ખાતરી આપી હતી

## ભાવનગરમાં ગુણાનુવાદ સભા

શ્રી ભાવનગર જૈન સંઘના ઉપક્રમે ગુણાનુવાદ સભાઃ—સ્વ. આચાર્ય શ્રીનન્દનસૂરીશ્વરજી ના સ્વર્ગગમન અંગે એક ગુણાનુવાદ સભા જૈન સંઘ ભાવનગરના ઉપક્રમે તા. ૫-૧-૭૬ને સવારના સાડા નવ વાગે પ. પૂ. આચાર્યશ્રી હેમસાગરસૂરી આદિ મહારાજ સાહેબની નિશ્રામાં રાખવામાં આવી હતી. આ સભામાં મોટી સંખ્યામાં જૈન ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. આ સભામાં શ્રી સંઘના મંત્રીઓ શ્રી જેન્તીલાલ મગનલાલ શાહ તથા શ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહે તેમજ જૈન સંઘના અગ્રણી શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ તથા ભોગીલાલભાઇ માસ્તરે સ્વ. શ્રીના ગુણાનુવાદ અંગે વક્તવ્ય કરેલ. આચાર્ય શ્રી હેમસાગરસૂરીજી મહારાજે પણ સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવન અને તેમના ઉમદા ગુણો વિષે વિવેચન કરી સ્વર્ગસ્થ આચાર્યશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તે પછી નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. [ ટાઈટલ પેઈજ ૩ પર જુઓ ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઠરાવ

શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપા સંઘના આશ્રયે આજરોજ મળેલી સમસ્ત શ્રી સંઘની આ સભા, શ્રી જૈન સંઘના ગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય-નંદનસૂરીશ્વરજી મહારાજશ્રી સંવત્ ૨૦૩૨ના માગશર વદી ૧૪ ને બુધવાર તા. ૩૧-૧૨-૧૯૭૫ ના રોજ તગડી મુકામે કાળધર્મ પામ્યા એ આઘાતજનક સમાચાર પ્રત્યે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરે છે.

સ્વર્ગસ્થશ્રી વિદ્વાન આચાર્યશ્રી જ્યોતિષશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રના પ્રખર જ્ઞાતા હતા. તેઓશ્રી તેમના આ જ્ઞાનનો લાભ સમસ્ત ભારતના જૈન તેમજ જૈનેતર સમાજને આપતા હતા. તેઓશ્રી જૈન સમાજને આ યુગમાં એક સાચા માર્ગદર્શક હતા. તેમનું માર્ગદર્શન જૈન સમાજની એકતા માટે ઘણુંજ ઉપયોગી નીવડ્યું. તેમના સમુદાયમાં પણ કડક શિસ્ત અને ઉમદા ચારીત્રની ભાવના, અને શ્રીસંઘ ઉત્કર્ષની ભાવના, એ તેમના વિશાળ બુદ્ધિશક્તિના દર્શન કરાવે છે. તેઓશ્રીનો ૬૨ વર્ષનો સુદીર્ઘ અને અન્યને દૃષ્ટાન્તરૂપ બને તેવો સુવિશુદ્ધ દિક્ષા પર્યાય અને તેમની સંઘ-સંગઠનની ભાવના કાયમ માટે સૌને માટે પ્રેરણાદાયી બની રહેશે.

પૂજ્ય આચાર્યશ્રીના સ્વર્ગવાસથી સમસ્ત શ્રી જૈન સંઘને તેમજ પૂ. સાધુ સાધ્વી સમુદાયને એક ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમણે જૈન સમાજ ઉપર કરેલા ઉપકારો કદિ ભૂલી શકાય તેમ નથી.

સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્યશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં પરમ ચિરસ્થાયી શાન્તિ પામે એવી આ સભા અંતકરણથી શાસનદેવને પ્રાર્થના કરે છે.

# સાભાર–સ્વીકાર

૧ શ્રી શાન્તિનાથ જિન પંચકલ્યાણક પૂજા-રચયિતા પૂજ્ય મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી કિંમત–પ્રભુ ભક્તિ.

૨ શ્રી સિદ્ધચક્રનિષ્ઠ શ્રી નવપદજીની પૂજા–રચયિતા ઉપર મુજબ.

૩ શ્રી દર્ભાવતી દર્શન-વિહાર.

૪ પૂ. શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની ટુંકી જીવન ઝરમર–સંપાદકો પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી, પૂ મુ. શ્રી સિદ્ધાચલવિજયજી.

૫ શ્રી ઋષભાદિ ચતુર્વિંશતિ જિન પંચકલ્યાણક પૂજા–રચયિતા પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી કિં રૂા ૧-૫૦

૬ આત્મસાધનાના અમર સોપાન–સંયોજક પૂજ્ય આચાર્યશ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજ.

૭ આદર્શ જીવનની ચાવીઓ–સંયોજક પૂ. આ. જંબૂસૂરીશ્વરજી મહારાજ.

ઉપરના ૧ થી ૭ પુસ્તકોના પ્રકાશક આચાર્ય શ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમ મંદિર શ્રીમાળીવાગા-ડભોઈ (વડોદરા) (વધુ આવતા અંકે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## સંસ્કૃત ગ્રંથો

| | રૂ. ન. પૈ |
|---|---|
| १ वसुदेव हिण्डी–द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४. " " प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १० ०० |

●

## અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

*

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. ન.પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨–૦૦ |
| ૮ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૯ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) | ૧૨–૦૦ |
| સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | |
| ૧૦ ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| ૧૧ અનેકાન્તવાદ | ૩–૦૦ |
| ૧૨ નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ૧૩ ચાર સાધન | ૩–૦૦ |
| ૧૪ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩–૦૦ |
| ૧૫ જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| ૧૬ સ્યાદ્વાદમંજરી | ૧૭–૦૦ |
| ૧૭ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩–૦૦ |
| ૧૮ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬–૫૨ |
| કાચું બાઈન્ડીંગ | ૫–૨૫ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only